
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૨ * અંક-૧ * સપ્ટેમ્બર, ૨૦૧૭





મન-વચન-કાય થકી થયા
જાણ્યે-અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની
હે નાથ! વિનવું આપને.
મિથ્યાત્વભાવે મૂઢ થઈ
નિજતત્ત્વ નહિ જાણ્યું અરે!
આપી ક્ષમા એ દોષની
આ પરિભ્રમણ ટાળો હવે.



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● પ્રાણનો નાશ કરનાર વિષ ભોજનમાં ખાવું સારું, શ્વાપદ (શિકારી પ્રાણી) સિંહ આદિ હિંસક પશુઓથી ભરેલાં વનમાં નિવાસ કરવો સારો, અને ભડકે બળતી અગ્નિમાં પડીને પ્રાણનો ત્યાગ કરવો પણ સારો, પરંતુ મિથ્યાત્વ સહિત આ સંસારમાં જીવવું સારું નથી. કેમકે વિષ આદિથી પ્રાણનો નાશ થવાથી તો એક જન્મમાં જ દુઃખ સહન કરવું પડે છે, અને મિથ્યાત્વથી જનમ-જનમમાં પ્રતિક્ષણ તીવ્ર યાતનાઓનો સામનો કરવો પડે છે. ૧૬૩૫.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૪૦)

● પોતાના કર્મ પ્રમાણે કૂતરો પણ પોતાનું પેટ ભરે છે અને રાજા પણ પોતાનું પેટ ભરે છે, પણ પ્રશંસનીય મનુષ્યભવ, ધન અને વિવેકબુદ્ધિ પ્રાપ્ત કરવાનું અહીં એ જ પ્રયોજન છે કે નિરંતર પાત્રદાન આપવામાં આવે. ૧૬૩૬.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૪૧)

● યહ કામ દોષોંકી ખાન હૈ ઔર ગુણોંકા નાશ કરનેવાલા હૈ. પાપકા નિજબંધુ હૈ ઔર યહી બડી બડી આપત્તિયોંકા સંગમ કરાનેવાલા હૈ. ૧૬૩૭.

(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૧૦૪)

● જેમ બીજ વડે વૃક્ષની જડ અને અંકુરો થાય છે, તેમ મોહરૂપી બીજથી આત્મામાં સંસારરૂપ વિસ્તીર્ણ વૃક્ષની અતત્ત્વ શ્રદ્ધાનરૂપ જડ અને રાગ-દ્વેષરૂપી અંકુરો થાય છે. જે જીવ એ અનાદિ અતત્ત્વશ્રદ્ધાન તથા રાગ-દ્વેષને સર્વથા ક્ષીણ કરવા ઈચ્છે છે તેણે પ્રખર જ્ઞાનરૂપ અગ્નિનું સમ્યક્પ્રકારે નિયમિત સેવન કરવું. ૧૬૩૮.　　(શ્રી ગુણભદ્રાચાર્ય,આત્માનુશાસન, શ્લોક-૧૮૨)

● પોતાની જાતે પોતાનું સ્વરૂપ સંભાળવાથી અથવા શ્રીગુરુના મુખારવિંદ દ્વારા ઉપદેશ સાંભળવાથી જેમને ભેદજ્ઞાન જાગૃત થયું છે અર્થાત્ સ્વપર વિવેકની જ્ઞાનશક્તિ પ્રગટ થઈ છે, તે મહાત્માઓને જીવનમુક્ત અવસ્થા પ્રાપ્ત થઈ જાય છે, તેમના નિર્મળ દર્પણ જેવા સ્વચ્છ આત્મામાં અનંતભાવ ઝળકે છે પરંતુ તેનાથી કાંઈ વિકાર થતો નથી. તેઓ સદા આનંદમાં મસ્ત રહે છે. ૧૬૩૯.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, જીવ દ્વાર, પદ-૨૨)

● લોકમેં મૂર્ખ મનુષ્ય અપનેસે હીનજનોંકો દેખકર હૃદયમેં અભિમાન કરતા હૈ ઔર બુદ્ધિમાન મનુષ્ય અપનેસે અધિક ગુણવાલે મનુષ્યોંકો દેખકર ઉસ ગર્વકો બહુત દૂર કરતા હૈ, ઐસે આગમકે અભ્યાસસે નિર્મલતાકો પ્રાપ્ત હુઈ બુદ્ધિકે ધારક મુનિજન નિરૂપણ કરતે હૈં. ૧૬૪૦.　　(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, ગા. ૫૨)

વર્ષ–૧૨
અંક–૧૧

દંસણમૂલો ધમ્મો। ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે.

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વિ. સંવત
૨૦૭૩
September
A.D. 2017



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



## એકત્વ-વિભક્ત આત્માને સ્વસંવેદનપૂર્વક પ્રમાણ કર

હે ભવ્ય ! એકત્વ-વિભક્ત આત્માને હું મારા આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું. આ આત્મા પૂર્ણાનંદનો નાથ સ્વભાવથી એકત્વ છે અને રાગથી ભિન્ન-વિભક્ત છે; તેને સ્વસંવેદનરૂપ પર્યાય વડે જાણજે, સ્વભાવ પ્રત્યક્ષથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે. અમારા ગુરુના અનુગ્રહપૂર્વક અમે જેવો આત્મા જાણ્યો તેવો અનુભવપૂર્વક પ્રમાણ કર્યો છે; અને તેવો જ એકત્વ-વિભક્ત આત્મા તને દર્શાવીએ છીએ; માટે તું પણ અનુભવથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે.

જિજ્ઞાસુ જીવો પર અનુગ્રહ કરીને આચાર્યદેવ આત્માનું સ્વરૂપ દર્શાવતા થકા શ્રી સમયસારની પાંચમી ગાથા દ્વારા કહે છે કે :–

**દર્શાવું એક વિભક્ત એ, આત્મા તણા નિજ વિભવથી;**
**દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.**

જે કાંઈ મારા આત્માનો નિજ વૈભવ છે તે સર્વથી હું સ્વભાવની એકતા ને વિભાવની પૃથક્તા એવા ભગવાન આત્માને દર્શાવીશ. સર્વજ્ઞ પરમેશ્વરદેવે જેવો કહ્યો

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,**
**તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.** –શ્રી સમયસાર

છે તેવો જ આત્મા મને નિજ વિભવથી સમજાયો છે. તે નિજ વૈભવ વડે સ્વભાવથી એકત્વ ને વિકલ્પથી વિભક્ત એવા આત્માને દર્શાવીશ;—એવો મેં નિર્ણય કર્યો છે.

કેવો છે મારા આત્માનો નિજ વૈભવ ?—દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી સ્વરૂપ છે, પણ તેના આશ્રયે જે શુદ્ધ પર્યાય પ્રગટ થઈ તે નિજ વૈભવ છે. તે કેવો છે ?—કે આ લોકમાં સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને 'स्यात्' પદથી ચિહ્નિત એવો જે શબ્દબ્રહ્મ—વીતરાગી પરમાગમ, તે પરમાગમમાં જે કહ્યું છે તેનું પાકું લક્ષ કરીને એટલે કે પરમાગમની સેવા, ઉપાસના કરીને અમે અમારો નિજ વૈભવ પ્રગટ કર્યો છે. ત્રિલોકીનાથ દેવાધિદેવની દિવ્યધ્વનિ દ્વારા રચાયેલાં શાસ્ત્રો તે પરમાગમ છે, તેનાથી અમારા નિજ વૈભવનો જન્મ થયો છે.

વળી કેવો છે તે નિજ વૈભવ ?—કે સર્વજ્ઞ મહાવીર પરમાત્મા પરમગુરુથી માંડીને અપરગુરુ—ગણધરાદિથી અમારા ગુરુપર્યંત નિર્મળ વિજ્ઞાનઘન નિજ આત્મામાં અંતર્નિમગ્ન હતા, તેમના પ્રસાદથી અનુગ્રહપૂર્વક અપાયેલા શુદ્ધાત્મતત્ત્વના ઉપદેશથી અમને અમારો નિજ વૈભવ પ્રગટ થયો છે. સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ કેવા હતા ?—કે નિર્મળ વિજ્ઞાનઘન આત્મામાં અંતનિમગ્ન હતા. અરિહંતદેવથી માંડીને અમારા ગુરુપર્યંત સર્વે નિર્મળ વિજ્ઞાનઘન નિજ આત્મામાં જ અંતર્નિમગ્ન હતા. તેઓના પ્રસાદ વડે શુદ્ધાત્માનો ઉપદેશ પામીને અમે નિજ વૈભવ પ્રગટ કર્યો છે.

વળી કેવો છે તે નિજ વૈભવ ?—કે અનાકુળ આનંદથી ભરેલો આત્મા તેમાં એકાગ્રતા કરતાં અતીન્દ્રિય આનંદ નિરંતર ઝરે છે. સુંદર આનંદની મહોરછાપવાળા પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન વડે જેનો જન્મ થયો છે તે અમારો નિજ વૈભવ છે.

એ રીતે જે જે પ્રકારે અમને અમારા જ્ઞાનનો નિજ વૈભવ પ્રગટ થયો છે તે સમસ્ત વડે એકત્વ-વિભક્ત આત્માને દર્શાવું છું. સ્વભાવથી એકત્વ અને રાગથી વિભક્ત એવા આત્માને દર્શાવું છું, તેને તું પણ નિજસ્વભાવના એકત્વપૂર્વક અને રાગથી વિભક્તપણાપૂર્વક સ્વાનુભવપ્રત્યક્ષથી પરીક્ષા કરીને પ્રમાણ કરજે. 'હા પાડ તો હાલ્યો આવજે.'—જેવો આત્મા દર્શાવું છું તેને તું પોતે તારા અનુભવથી પ્રત્યક્ષ કરીને પ્રમાણ કરજે. રાગથી ભિન્ન પાડીને શાંતિના અનુભવપૂર્વક પ્રમાણ કરજે

આચાર્યદેવ કહે છે કે શાસ્ત્ર સમૂહનાં પ્રકરણ બહુ છે. તેમાં અહીં સ્વસંવેદનરૂપ

**એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;**
**સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪. —શ્રી સમયસાર**

અર્થ પ્રધાન છે; તેથી અર્થની પરીક્ષા કરવી અર્થાત્ એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડું છું તેને સ્વસંવેદન પ્રત્યક્ષથી પ્રમાણ કરજે.

* દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સત્ છે, તેમાં પર્યાય—સત્‌ને ગૌણ કરી, ગુણને દ્રવ્યમાં અભેદ કરી ત્રિકાળી ધ્રુવનો—દ્રવ્યસામાન્યનો સ્વીકાર કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. પર્યાયઅંશને ગૌણ કર્યા વિના સમ્યગ્દર્શન થતું નથી.

* કેવળજ્ઞાન પૂરું જાણે છે, દ્રવ્યને જાણે છે, પૂર્ણ શુદ્ધ પર્યાય છે તેને પણ જાણે છે, છતાં પર્યાય ઉપાદેય નથી, ત્રિકાળી દ્રવ્ય જ એક ઉપાદેય છે. કેવળજ્ઞાન સાધકને તો છે નહિ અને તેનું લક્ષ કરવા જતાં રાગ થાય છે. ત્રિકાળી દ્રવ્યનું લક્ષ કરતાં રાગ તૂટી નિર્વિકલ્પતા થાય છે, તેથી તે જ એક ઉપાદેય છે. આમ છતાં મોક્ષપર્યાય પરમ હિતકર છે. સંવર-નિર્જરા પર્યાય ઉપાદેય છે તેમ કહ્યું છે તે પ્રગટ કરવા લાયક છે એ અપેક્ષાથી કહ્યું છે. આશ્રય તરીકે આદર કરવા માટે તો ત્રિકાળી ધ્રુવ ચૈતન્ય એક જ ઉપાદેય છે ને બીજું બધું હેય છે.

## છઠ્ઠીના લેખ : નિકટવર્તી મુક્તિ

એવો શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? જેને જાણવાથી ભવભ્રમણ મટે અને મોક્ષ થાય એવા આત્માને જાણવાની જેને જિજ્ઞાસા થઈ છે તેવા જિજ્ઞાસુ શિષ્યને ઉત્તરરૂપે સમયસારની આ છઠ્ઠી ગાથા કહી છે. આ ગાથા તો 'છઠ્ઠીના લેખ' છે. જેને ભવભ્રમણનો ત્રાસ લાગ્યો છે, તેનાથી જે છૂટવા ઝંખે છે તથા મોક્ષ પામવાની જેને લગન લાગી છે એવા જિજ્ઞાસુ શિષ્યને શ્રીગુરુના ઉપદેશથી એટલો તો નિર્ણય થયો છે કે મોક્ષનું સાધન એક માત્ર મારો શુદ્ધાત્મા જ છે. પણ તે શુદ્ધાત્માનું સ્વરૂપ કેવું છે તે જાણવા જિજ્ઞાસુભાવે શિષ્ય એમ પૂછે છે કે શુદ્ધ આત્મા કોણ છે ?—કેવો છે ?—કે જે જાણવાથી ભવભ્રમણ મટે ? તેને શ્રીગુરુ આ ગાથા દ્વારા શુદ્ધ આત્મા દેખાડે છે.

**નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયકભાવ છે,**
**એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.**

આત્માનો ત્રિકાળી સ્વભાવ જ્ઞાયક 'ભાવ' છે તે પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત પણ નથી. ચૈતન્ય, સમજણનો પિંડ એવો જે જ્ઞાયક 'ભાવ' તે પ્રમત્ત પણ નથી ને અપ્રમત્ત

ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫. —શ્રી સમયસાર

પણ નથી. ચૌદ ગુણસ્થાનોની પર્યાયો તેમાં નથી. ૧ થી ૬ ગુણસ્થાનો તે પ્રમત્તદશા છે અને ૭ થી ૧૪ ગુણસ્થાનો તે અપ્રમત્તદશા છે, તે પર્યાયો છે જે જ્ઞાયકભાવમાં નથી. ચૌદ ગુણસ્થાનો અશુદ્ધનયનું કથન છે, ને ભગવાન આત્મા પ્રમત્ત કે અપ્રમત્ત નથી એ શુદ્ધનયનું કથન છે. શુદ્ધનયનો વિષય કહો કે જ્ઞાયકભાવ કહો—બંનેનો એક જ અર્થ છે. જેના ઉપર નજર કરવાની છે, જેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે, જે સમ્યગ્દર્શનનો વિષય છે તે જ્ઞાયકભાવ છે, તેમાં પ્રમત્ત કે અપ્રમત્ત કોઈ પણ પર્યાયો નથી, જુઓ, દૃષ્ટિનો વિષય જે જ્ઞાયકભાવ તેમાં પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયો નથી, ત્યારે કઈ પર્યાય તેનામાં બાકી રહી ગઈ! એ રીતે પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયો રહિત જ્ઞાયકભાવને 'શુદ્ધ' કહેવાય છે. ત્રિકાળી જ્ઞાયકભાવ, ધ્રુવભાવ કે જેમાં ચૌદ ગુણસ્થાનોની પર્યાયો નથી એ ચીજને 'શુદ્ધ' કહેવાય છે.

જ્ઞાયકભાવ જેની પર્યાયમાં જણાયો તેને જ્ઞાયકભાવ શુદ્ધ છે. ભગવાન! તારું પુરું રૂપ જ્ઞાયકભાવ છે; પરનું લક્ષ છોડીને ત્રિકાળી જ્ઞાયકભાવમાં જ્યારે દૃષ્ટિ ગઈ ત્યારે શુદ્ધ પરિણમન થયું, એ શુદ્ધ પરિણમનમાં જ્ઞાયકભાવ શુદ્ધ જણાયો ત્યારે તેને 'શુદ્ધ' કહેવાય. એકલું શુદ્ધ-શુદ્ધ કહે એમ નહીં પણ શુદ્ધરૂપે પરિણમન થાય ત્યારે 'શુદ્ધ' કહેવાય. પરદ્રવ્યના લક્ષને છોડીને જેણે જ્ઞાયકભાવની સેવા કરી, ઉપાસના કરી તેને તે ઉપાસનાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ પ્રગટ્યો; તે અંશે અંશીને જાણ્યો ત્યારે 'શુદ્ધ' કહેવાય.

પ્રમત્ત-અપ્રમત્ત નથી એનો અર્થ ક્ષાયિકાદિ ચારેય ભાવો પણ તેમાં નથી એમ આવી ગયું. તારું નિત્ય ધ્રુવસ્વરૂપ શુદ્ધ છે, પવિત્ર છે, એકરૂપ છે, સામાન્ય છે, પરમપારિણામિકભાવે છે, જ્ઞાયકભાવે છે, ધ્રુવભાવે છે, નિત્યભાવે છે, સદૃશભાવે છે. પણ કોને?—કે જેણે પરનું લક્ષ છોડીને જ્ઞાયકભાવની ઉપાસના કરી છે તેને તે જ્ઞાયકભાવે છે, તેને તે શુદ્ધ છે.

જ્ઞાયકભાવમાં દૃષ્ટિ પડતાં જે શુદ્ધતા પ્રગટી અને શુદ્ધતામાં સ્વના અને પરના જ્ઞાનરૂપ પરિણમન થયું, ત્યાં પર જ્ઞેયો કર્તા છે એમ નથી ને પર જ્ઞેયનું જ્ઞાન કર્મ છે એમ પણ નથી. પોતાની જ્ઞાનની પર્યાય પરિણમી એનો કર્તા પોતે છે ને જાણનક્રિયારૂપે પરિણમન થયું તે તેનું કાર્ય છે. (ક્રમશઃ)

**રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,**
**—એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬. –શ્રી સમયસાર**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(તા. ૫-૫-૪૪, શુક્રવાર) વ્યાખ્યાન નં. ૧૬
(ગાથા ૧૪)

ટીકાકાર મુનિરાજ ભાવના કરે છે :—
(પૃથ્વી)

**क्वचिल्लसति सद्गुणैः क्वचिदशुद्धरूपैर्गुणैः**
**क्वचित्सहजपर्ययैः क्वचिदशुद्धपर्यायकैः।**
**सनाथमपि जीवतत्त्वमनाथं समस्तैरिदं**
**नमामि परिभावयामि सकलार्थसिद्धयै सदा॥२६॥**

આ આત્મા ક્યાંય પોતાના સ્વાભાવિક ગુણોથી શોભે છે, ક્યાંય અશુદ્ધગુણોથી બિરાજે છે, ક્યાંક સ્વાભાવિક પર્યાયથી શોભે છે અને ક્યાંક વિભાવિક પર્યાયથી શોભે છે, એ રીતે ભલે અવસ્થામાં નિર્મળતા કે અશુદ્ધતા હોય પણ ભગવાન આત્મા તો જેટલા વિભાવિક ગુણ-પર્યાયો છે તે સર્વેથી રહિત એકલો, ચૈતન્યગુણની ખાણ છે. હું સદા મારા મોક્ષના પૂર્ણ પ્રયોજનની સિદ્ધિ માટે આવા ચૈતન્યતત્ત્વમાં નમું છું અને તેની વારંવાર ચિંતવના કરું છું—એમ ટીકાકાર મુનિરાજ ઉપરના કલશમાં કહે છે.

પોતે ત્રિકાળ ભગવાન જ છે, પણ તેને ભાન નથી કે હું કોણ છું. જેઓ ભગવાન થયા તેઓ, જે સમયે પ્રગટ ભગવાન થયા તે સમય પહેલાં પણ ભગવાન જ હતા, એમ ત્રિકાળી ભગવાનસ્વરૂપે આત્મતત્ત્વ અંદર પરિપૂર્ણ છે, તેનો આદર અને ભક્તિ કરું છું અને તેનું વારંવાર ચિંતવન કરું છું.

આ રીતે આત્મતત્ત્વને પ્રથમ ઓળખાવ્યું, પછી ભાવના કરી કે આવા તત્ત્વમાં નમું છું અને તેને જ ભજું છું. ૧૪.

હવે સ્વભાવ—વિભાવ પર્યાયને વિસ્તારથી કહે છે.

**णरणारयतिरियसुरा पर्याया ते विहावमिदि भणिदा।**
**कम्मोपाधिविवज्जियपर्याया ते सहावमिदि भणिदा॥१५॥**

**સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,**
**તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭. —શ્રી સમયસાર**

नरनारकतिर्यक्सुराः पर्यायास्ते विभावा इति भणिताः।
कर्मोपाधिविवर्जितपर्यायास्ते स्वभावा इति भणिताः॥१५॥

અર્થ :—નર, નારક, પશુ અને દેવ એ ચાર મુખ્ય વિભાવપર્યાય કહેવાય છે; અને જે કર્મની ઉપાધિ રહિત છે તે સ્વભાવપર્યાય છે.

નર = મનુષ્યદેહની અંદરનો આત્માનો આકાર તે; શરીર તો જડ છે, તે અહીં લેવાનું નથી.

નારકી = નારકીનું શરીર નહીં પણ તેના આકારે આત્માનો આકાર.

દેવ અને ઢોર = તેના બાહ્ય શરીર નહીં, પણ શરીર આકારે આત્માનો આકાર. આ ચારે વિભાવપર્યાય છે. કર્મના હોવાની કે અભાવની ઉપાધિ રહિત જે ત્રિકાળી અવસ્થા તે સ્વભાવપર્યાય છે. સ્વ ભાવ = આત્માની નિર્મળ અવસ્થા; અવસ્થાના બે પ્રકાર કહ્યા—(૧) સ્વાભાવિક અવસ્થા, તે ત્રિકાળ એકરૂપ રહે છે, (૨) વિભાવિક અવસ્થા—આત્મા એ ને એ રહીને અંદર અવસ્થા બદલે છે. સમકિતીને આત્માની ઓળખાણ કેવી હોય અને આત્મા કેવો ખ્યાલમાં આવે છે–તે કહેવાય છે.

પ્રશ્ન :—આપ તો હંમેશા સમ્યગ્દર્શનની જ વાત કરો છો?

ઉત્તર :—સમ્યગ્દર્શન એ જ મોક્ષનું કારણ છે. સમ્યગ્દર્શન કહે છે કે "મને ધારણ કર્યા પછી તારી ઇચ્છા હશે તોપણ તારાથી મલિનતા રાખી શકાશે નહીં, મોક્ષે આવવું જ પડશે!" મોક્ષનું પહેલું જ પગથિયું સમ્યગ્દર્શન છે તે વિનાના બધા હવાઈ કિલ્લા છે–કલ્પના છે; માટે પ્રથમ સમ્યગ્દર્શન એ જ કર્તવ્ય છે.

આચાર્યદેવ કહે છે કે સાંભળ! હું આત્માની અવસ્થાનું વર્ણન કરું છું. આત્માની અવસ્થા બે પ્રકારની છે (૧) સ્વભાવદશા (૨) વિભાવદશા. સ્વભાવદશાના બે પ્રકાર છે :—(૧) કારણશુદ્ધપર્યાય (૨) કાર્યશુદ્ધપર્યાય. આમાં કારણશુદ્ધદશા તો નિગોદથી માંડી સિદ્ધ સુધી બધા જીવોને ત્રિકાળ છે; અને જ્યારે કેવળજ્ઞાન, કેવળદર્શન વગેરે પ્રગટે ત્યારે કાર્યશુદ્ધદશા પ્રગટી કહેવાય–તેનું કારણ દરેક જીવને ત્રિકાળ છે, અભવીને પણ ત્રિકાળ છે પણ અભવીને તેની પ્રગટ કાર્યરૂપ દશા થતી નથી–(તે પુરુષાર્થ જ કરતો નથી).

છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮. –શ્રી સમયસાર

આ એકલી અધ્યાત્મની વાત છે. ઘણા જીવોને તો આ શબ્દો પણ કદી કાને નહીં પડ્યા હોય, લોકો બહાર જુએ તો આત્મા દેખાય નહીં અને અંદર જુએ તો અંધારું દેખાય; કદી સાંભળ્યું જ ન હોય અને આ વાત કાને પડે–ત્યાં કહે–આવી ઝીણી વાત કરતાં આપણે જાડી વાત માની રાખી છે તે ઠીક છે—પણ ભાઈ! આ તારી જ વાત છે. આ જીવ અધિકાર છે અને જીવનું જ વર્ણન છે. જીવની ત્રિકાળી એકરૂપ પર્યાય તે કારણશુદ્ધદશા છે. પૂર્ણ વસ્તુ અને અનંતા ગુણોની ખાણ તો નિગોદથી માંડી બધા જીવોમાં પડેલી જ છે, પણ અજ્ઞાનીને તેની ખબર નથી એટલે પર ઉપર લક્ષ કરીને ચોરાશીના અવતારમાં રખડે છે.

શુદ્ધનિશ્ચયની અપેક્ષાએ અંતર નિર્મળ દૃષ્ટિથી જોતાં શરૂઆત અને અંતથી રહિત, અમૂર્તિક, સ્વભાવથી જ અતીન્દ્રિય એવું જ્ઞાન ત્રિકાળ છે–તે સ્વભાવથી જ શુદ્ધ છે. મતિ, શ્રુત અવધિ, મનઃપર્યય અને કેવળજ્ઞાન એ તો જ્ઞાનની પ્રગટરૂપ અવસ્થાઓ છે અને આ જ્ઞાન તો સહજ પારિણામિક સ્વભાવભાવ, જેને કોઈની અપેક્ષા લાગુ ન પડે તેવું છે. એવો એકલો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ નિરપેક્ષ છે, તેની સાથે કારણશુદ્ધપર્યાય પણ ત્રિકાળ એકરૂપ રહેલી છે. સહજસ્વભાવથી જ શુદ્ધ દર્શન, જ્ઞાન, ચારિત્ર, વીર્ય વગેરે ગુણ ત્રિકાળ પડ્યા છે, પરમ વીતરાગ સુખરૂપ આનંદ તે પણ ત્રિકાળ છે; પાંચ ઈન્દ્રિય કે મન-વચનથી પાર તથા પ્રગટ અવસ્થા (મતિ, શ્રુત કે કેવળ) થી પણ પાર એવું પરમ વીતરાગ શુદ્ધ અંતરતત્ત્વ છે, તે સ્વભાવમય અનંતચતુષ્ટય ત્રિકાળી છે. ભગવાન કેવળજ્ઞાનીને જે અનંતચતુષ્ટય પ્રગટે છે તે તો કાર્ય છે, તે નહીં–પણ અંદર જે ત્રિકાળી કારણ પડ્યું છે તે સ્વરૂપચતુષ્ટયની આ વાત છે.

સર્વજ્ઞે પોતાના ઘરની કલ્પેલી વાત નથી કહી, પણ વસ્તુનું સ્વરૂપ જેવું છે તેવું પોતાના સંપૂર્ણ જ્ઞાનમાં જણાયું તે જ કહ્યું છે, તે જાણ્યા વિના તું જઈશ ક્યાં? આ વાત ઘણા માણસોને જિંદગીમાં પચાસ પચાસ વર્ષો થયાં પણ કાને ન પડી હોય તેવી છે–છતાં પણ વાત તો આત્માની જ છે, તેની વાત છે ને તેમાં ધ્યાન રાખે તો જરૂર સમજાય, પોતાનું સ્વરૂપ પોતાને ન સમજાય એમ બને નહીં. બધા જીવનું સ્વરૂપ જ આવું છે પણ પોતે પોતાનું સ્વરૂપ કદી જાણ્યું નથી. (ક્રમશઃ)

**પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,**
**તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯. –શ્રી સમયસાર**

# મોક્ષમાર્ગમાં નિશ્ચયસહિતનો વ્યવહારધર્મ સંમત છે

(શ્રી પદ્મનંદિપંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

શ્રાવકધર્મના મૂળમાં પણ સમ્યગ્દર્શન તો હોય જ. આવા સમ્યક્ત્વ સહિત રાગ ઘટાડવાનો જે ઉપદેશ છે તે ઈષ્ટ-ઉપદેશ છે, હિતકારી ઉપદેશ છે. ભાઈ, કોઈપણ રીતે જિનમાર્ગને પામીને તું રાગ ઘટાડ તેમાં તારું હિત છે. દાન વગેરેનો પણ તે માટે જ ઉપદેશ આપ્યો છે. કોઈ કહે કે ઘણા પૈસા મળે તો તેમાંથી થોડાક દાનમાં વાપરું (—દશલાખ મળે તો એક લાખ વાપરું)—એમાં તો ઊલટી લેવાની ભાવના થઈ, લોભનું પોષણ થયું; પહેલાં ઘરને આગ લગાડો ને પછી કુવો ખોદીને તેના પાણીથી તે આગ ઠારશું—એના જેવી એ તો મૂર્ખતા છે! અત્યારે પાપ બાંધીને પછી દાનાદિ કરવાનું કહે છે, એના કરતાં અત્યારે જ તું તૃષ્ણા ઘટાડને, ભાઈ! એકવાર આત્માનું જોર કરીને તારી રુચિની દિશા જ પલટાવી નાંખ કે મારે રાગ કે રાગનાં ફળ કાંઈ જોઈતું નથી, આત્માની શુદ્ધતા સિવાય બીજું કાંઈ મારે નથી જોઈતું.—એમ રુચિની દિશા પલટતાં તારી દશા પલટી જશે, અપૂર્વદશા પ્રગટી જશે.

ધર્મીને જ્યાં આત્માની અપૂર્વ દશા પ્રગટી ત્યાં તેને દેહમાં પણ એક પ્રકારે અપૂર્વતા આવી ગઈ; કેમકે સમ્યક્ત્વાદિમાં નિમિત્તભૂત હોય એવો દેહ પૂર્વે કદી મળ્યો ન હતો; અથવા સમ્યક્ત્વ સહિતનાં પુણ્ય જેમાં નિમિત્ત હોય એવો દેહ પૂર્વે મિથ્યાત્વદશામાં કદી મળ્યો ન હતો. વાહ, ધર્મીનો આત્મા અપૂર્વ, ધર્મીનાં પુણ્ય પણ અપૂર્વ ને ધર્મીનો દેહ પણ અપૂર્વ! ધર્મી કહે છે કે આ દેહ છેલ્લો છે—એટલે કે ફરીને આવો (વિરાધકપણાનો) દેહ મળવાનો નથી, કદાચિત્ અમુક ભવ હશે ને દેહ મળશે તો તે આરાધકભાવ સહિતનો હશે, એટલે તેનાં રજકણો પણ પૂર્વે ન આવેલા એવાં અપૂર્વ હશે, કેમકે અહીં જીવના ભાવમાં (શુભમાં પણ) અપૂર્વતા થઈ ગઈ છે. ધર્મી જીવની બધી વાતું અલૌકિક છે. ભક્તામર-સ્તોત્રમાં માનતુંગસ્વામીએ ભગવાનની ભક્તિ કરતાં કહ્યું છે કે હે પ્રભો! જગતમાં ઉત્કૃષ્ટ શાંતરસરૂપે પરિણમેલા જેટલાં રજકણો હતા તે બધાય આપના દેહરૂપે પરિણમી ગયા છે!—એ કથનમાં ઊંડા ભાવો ભર્યા છે. પ્રભો,

**જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,**
**પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦. —શ્રી સમયસાર**

આપના કેવળજ્ઞાનની ને ચૈતન્યના ઉપશમરસની તો અપૂર્વતા, ને તેની સાથેના પરમઔદારિક દેહમાં પણ અપૂર્વતા;—એવો દેહ બીજાને હોય નહીં. આરાધકની બધી વાત જગતથી અનોખી છે, એની આત્માની શુદ્ધતા પણ જગતથી અનોખી ને એનાં પુણ્ય પણ અનોખાં.

આમ મોક્ષ અને પુણ્યફળ બંનેની વાત કરી, છતાં કહે છે કે હે મુમુક્ષુ! તારે આદરણીય તો મોક્ષનો જ પુરુષાર્થ છે; પુણ્ય તો એનું આનુષંગિક ફળ છે એટલે કે અનાજની સાથે ઘાસની માફક એ તો વચ્ચે સહેજે આવી જાય છે. તેમાં પણ જ્યાં હેયબુદ્ધિ છે ત્યાં શ્રાવકને પાપની તો વાત જ કેવી? આ રીતે ધર્મી શ્રાવકને મોક્ષપુરુષાર્થની મુખ્યતાથી ઉપદેશ કર્યો અને તેની સાથે પુણ્યના શુભપરિણામ હોય છે તે પણ બતાવ્યું.

## મોક્ષની સાધના સહિત જ અણુવ્રતાદિની સફળતા

હે ભવ્ય! તારું સાધ્ય મોક્ષ છે; એટલે વ્રત કે મહાવ્રતના પાલનમાં તે-તે પ્રકારની અંતરંગશુદ્ધિ વધતી જાય ને મોક્ષમાર્ગ સધાતો જાય—તે તું લક્ષમાં રાખજે. મોક્ષના ધ્યેયને ચૂકીને જે કાંઈ કરવામાં આવે તે તો દુઃખ અને સંસારનું જ કારણ છે.

ધર્મી જીવને મોક્ષનું જ સાધ્યપણું છે; મોક્ષરૂપ સાધ્યને ભૂલીને જે બીજાને આદરે છે તેનાં વ્રતાદિ પણ સંસારનું જ કારણ થાય છે,—એમ હવે કહે છે—

(शार्दूलविक्रीडित)

भव्यानामणुभिर्व्रतैरनणुभिः साध्योऽत्र मोक्षः परं
नान्यत्किंचिदिहैव निश्चयनयाज्जीवः सुखी जायते ।
सर्वं तु व्रतजातमिद्दशधिया साफल्यमेत्यन्यथा
संसाराश्रयकारणं भवति यत् तत्दुःखमेव स्फुटम् ।।२६।।

અર્થ :—ભવ્ય જીવોએ અણુવ્રતો અને મહાવ્રતો દ્વારા અહીં કેવળ મોક્ષ જ સિદ્ધ કરવા યોગ્ય છે, અન્ય કાંઈ પણ સિદ્ધ કરવા યોગ્ય નથી. કારણ એ છે કે નિશ્ચયનયથી જીવ તે મોક્ષમાં જ સ્થિત થઈને સુખી થાય છે. તેથી આ જાતની બુદ્ધિથી જે સર્વે વ્રતોનું પરિપાલન કરવામાં આવે છે તે સફળતા પામે છે તથા આનાથી વિપરીત તેને કેવળ તે

ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧. —શ્રી સમયસાર

સંસારનું કારણ થાય છે જે પ્રત્યક્ષ જ દુઃખ સ્વરૂપ છે. ૨૬.

અહીં ભવ્ય જીવને અણુવ્રત કે મહાવ્રત વડે માત્ર મોક્ષ જ સાધ્ય છે, સંસાર સંબંધી બીજું કાંઈ પણ સાધ્ય નથી; કેમકે નિશ્ચયનયથી મોક્ષમાં જ જીવ સુખી થાય છે. આવી બુદ્ધિથી એટલે કે મોક્ષની બુદ્ધિથી જે વ્રતાદિ કરવામાં આવે તે સર્વે સફળ છે; પરંતુ આ મોક્ષરૂપ ધ્યેયને ભૂલીને જે વ્રતાદિ કરવામાં આવે તે તો સંસારનું કારણ છે ને દુઃખ જ છે.

જુઓ, અધિકાર પૂરો કરતાં છેલ્લે સ્પષ્ટતા કરે છે કે ભાઈ, અમે શ્રાવકના ધર્મ તરીકે પૂજા–દાન વગેરે અનેક પ્રકારના શુભભાવોનું વર્ણન કર્યું તથા અણુવ્રત વગેરેનું વર્ણન કર્યું,–પરંતુ તેમાં જે શુભરાગ છે તેને તું સાધ્ય ન માનીશ, તેને ધ્યેય ન માનીશ, ધ્યેય અને સાધ્ય તો સંપૂર્ણ વીતરાગભાવરૂપ મોક્ષ જ છે, ને તે જ પરમ સુખરૂપ છે. ધર્મીની દૃષ્ટિ-રુચિ રાગમાં નથી, એને તો મોક્ષને સાધવાની જ ભાવના છે; ખરું સુખ મોક્ષમાં જ છે. રાગમાં કે પુણ્યના ફળમાં કાંઈ સુખ નથી. માટે હે ભવ્ય! વ્રત કે મહાવ્રતનાં પાલનમાં તે–તે પ્રકારની અંતરંગશુદ્ધિ વધતી જાય ને મોક્ષમાર્ગ સધાતો જાય–તે તું લક્ષમાં રાખજે. શુદ્ધતાની સાથે સાથે જે વ્રત–મહાવ્રતનાં પરિણામ હોય તે મોક્ષનું નિમિત્ત છે, પરંતુ જરાપણ શુદ્ધતા જેને પ્રગટી નથી ને એકલા રાગની ભાવનામાં જ જે રોકાઈ ગયો છે એનું તો વ્રતાદિનું પાલન પણ સંસારનું કારણ થાય છે ને તે દુઃખ જ પામે છે. આ રીતે મોક્ષમાર્ગ સહિતના યથાર્થ વ્રત–મહાવ્રત સમ્યગ્દૃષ્ટિને હોય છે–એ વાત આમાં આવી ગઈ. વચ્ચે વ્રતનાં પરિણામ આવશે, એનાથી પુણ્ય ઊંચી જાતના બંધાશે ને દેવલોકના અચિંત્ય વૈભવ મળશે,–પણ હે મોક્ષાર્થી! તું એની રુચિ કે ભાવના કરીશ મા, ભાવના તો મોક્ષની જ કરજે કે ક્યારે આ રાગ તોડું ને ક્યારે મોક્ષદશા પામું! કેમકે મોક્ષમાં જ આત્મિક સુખ છે, સ્વર્ગના વૈભવમાં સુખ નથી, ત્યાં પણ આકુળતાના અંગારા છે. ધર્મીને પણ સ્વર્ગમાં જેટલો રાગ ને વિષયતૃષ્ણાના ભાવ છે તેટલો કલેશ છે, ધર્મીને તેનાથી છૂટવાની ભાવના છે. આવી ભાવનાથી મોક્ષને અર્થે જે વ્રત–મહાવ્રતનું પાલન કરવામાં આવે તે સર્વ સફળ છે. ને આનાથી ઉલટી સંસારના સ્વર્ગાદિના સુખની ભાવનાથી જે કાંઈ કરવામાં આવે તે દુઃખનું ને ભવભ્રમણનું કારણ છે. માટે મોક્ષાર્થી ભવ્યોએ આત્માના શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ કરીને વીતરાગતાની ભાવનાથી શક્તિઅનુસાર વ્રત–મહાવ્રત કરવાં જોઈએ. જેમ કોઈએ ઇષ્ટસ્થાને જવાનો સાચો માર્ગ જાણ્યો છે પણ

> **જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને**
> **પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.　　–શ્રી સમયસાર**

ચાલતાં થોડી વાર લાગે છે તોપણ તે માર્ગે જ છે, તેમ ધર્મી જીવે વીતરાગતાનો માર્ગ દેખ્યો છે, રાગરહિત સ્વભાવને જાણ્યો છે પણ સર્વથી રાગ ટળતાં થોડી વાર લાગે છે, તોપણ તે મોક્ષના માર્ગમાં જ છે. પરંતુ જેણે સાચો માર્ગ જાણ્યો નથી, વિપરીત માર્ગ માન્યો છે તે શુભરાગ કરે તોય સંસારના માર્ગે છે.

'નિશ્ચયથી વીતરાગભાવ જ મોક્ષનું સાધન છે, શુભરાગ ખરેખર મોક્ષનું સાધન નથી'—એમ કહેતાં કોઈને તે વાત ન રુચે તો કહે છે કે ભાઈ, અમે બીજું શું કરીએ! વીતરાગદેવે કહેલો સત્ય માર્ગ જ આ છે. જેમ પદ્મનંદી સ્વામી બ્રહ્મચર્ય—અષ્ટકમાં બ્રહ્મચર્યનું ઉત્તમ વર્ણન કરીને છેલ્લે કહે છે કે—જે મુમુક્ષુ છે તેના માટે સ્ત્રીસંગના નિષેધનો આ ઉપદેશ મેં કર્યો છે, પરંતુ જે જીવો ભોગરૂપી રાગના દરિયામાં ડૂબેલા છે તેમને આ બ્રહ્મચર્યનો ઉપદેશ ન રુચે તો તેઓ મારા ઉપર ક્રોધ ન કરશો, કેમકે હું તો મુનિ છું; મુનિ પાસે તો આવો વીતરાગી જ ઉપદેશ હોય, કાંઈ રાગના પોષણની વાત મુનિ પાસે ન હોય. તેમ અહીં મોક્ષના પુરુષાર્થમાં પુણ્યનો નિષેધ કરીએ ત્યાં રાગની રુચિવાળા કોઈ જીવોને તે ન રુચે તો ક્ષમા કરજો, કેમકે સંતોનો ઉપદેશ તો મોક્ષની પ્રધાનતાનો છે એટલે તેમાં રાગને આદરણીય કેમ કહેવાય? ભાઈ, તારાથી બધો રાગ અત્યારે ભલે ન છૂટી શકે, પણ એ છોડવા જેવો છે એવું સાચું ધ્યેય તો પહેલાં નક્કી કર. ધ્યેય સાચું હશે તો ત્યાં પહોંચાશે. પણ ધ્યેય જ ખોટું રાખીશ—રાગને ધ્યેય રાખીશ, તો રાગ તોડીને વીતરાગતા ક્યાંથી લાવીશ? માટે સત્ય માર્ગ વીતરાગી સંતોએ પ્રસિદ્ધ કર્યો છે. (ક્રમશઃ)

---

તું જિનસ્વરૂપ જ છો પ્રભુ! એ જિનસ્વરૂપની દૃષ્ટિ કરવા માટે ગુણગુણીના ભેદની પણ આવશ્યકતા નથી. પ્રભુ! એક સમયમાં જે અનંતા ગુણોને ગળી ગયો છે—પી ગયો છે, એમાં જ્ઞાન-દર્શન-શ્રદ્ધા આદિનો ભેદ નથી. અભેદની દૃષ્ટિ કરતાં ત્યાં ભેદ દેખાતો નથી ને જ્યાં ભેદ દેખાય છે ત્યાં અભેદદૃષ્ટિ થતી નથી. સામાન્ય વસ્તુમાં શુભરાગ તો નથી. નિમિત્ત તો નથી પણ વિશેષ—ભેદ પણ નથી. તેથી ગુણી ને ગુણના ભેદમાં જઈશ તો સમ્યગ્દર્શન નહિ થાય. આહાહા! આ તો ધીરાના કામ છે. ઉતાવળે આંબા ન પાકે! —પૂજ્ય ગુરુદેવશ્રી ૫૮૪

**ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને**
**અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩. –શ્રી સમયસાર**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આત્માનો આનંદકંદ સ્વભાવ છે, તેની આનંદદશા સ્વરૂપશ્રદ્ધાથી થાય છે. તે સ્વરૂપશ્રદ્ધા કેમ થાય? તે કહીએ છીએ. રાગ કે પુણ્યથી અનુભવદશા થાય એમ કહ્યું નથી. સ્વરૂપશ્રદ્ધાથી આનંદનો અનુભવ થાય છે. જ્ઞાન તે આત્માનું લક્ષણ છે. રાગ, પુણ્ય, વ્યવહાર કે નિમિત્ત આત્માનું એંધાણ નથી. કેવું છે સ્વરૂપ? અખંડિત ગુણનો પુંજ છે તથા તેની પર્યાયનો ધરનાર છે. આમ દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે લીધા. તેની પર્યાય તેણે ધારી રાખી છે. વળી જ્ઞાનાદિ ગુણની પરિણતિરૂપ એટલે કે તેની પર્યાયરૂપ એવી નિજ વસ્તુનો નિશ્ચય થયો એ શ્રદ્ધા છે.

હવે ભેદ પાડીને કહે છે. શ્રદ્ધામાં નિર્ણય કર્યો છે કે જ્ઞાનનો સ્વભાવ જાણવા માત્ર છે, રાગ કરે કે નિમિત્ત લાવે કે દૂર કરે એવો જ્ઞાનનો સ્વભાવ નથી, પણ રાગ તથા નિમિત્તાદિને જાણનાર છે. નિશ્ચયથી પોતાને જાણનાર અને સ્વ-પરપ્રતિભાસરૂપ જ્ઞાન છે. દર્શન દેખવામાત્ર છે. વિકારને ઉપજાવે—ટાળે કે સંયોગોને લાવે કે છોડે એવું સ્વરૂપ નથી. સત્તા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્ત છે. સતત નવી અવસ્થા ઊપજે, પૂર્વ પર્યાય નાશ પામે ને પોતે કાયમ ટકે એવી સત્તા છે. બીજાનું કરે તેવું આત્માનું સ્વરૂપ નથી. વળી વીર્યગુણથી પરને ચલાવે કે પરને સમજાવે તેવું બળ આત્મામાં નથી. વસ્તુમાં અનંતા ગુણોના સામર્થ્યની પ્રાપ્તિમાત્ર કાર્ય વીર્યનું છે. આમ શ્રદ્ધા કરવી જોઈએ. આત્મા કેવળ આવા ગુણોનો પિંડ છે. તેવી પ્રતીતિ—ભાવ કરવો તેને શ્રદ્ધા કહીએ. આવા ગુણોવાળો આત્મા છે,—એમ જે દેવ-ગુરુ-શાસ્ત્ર કહે તે પ્રત્યેની રાગસહિત શ્રદ્ધાને વ્યવહારશ્રદ્ધા કહે છે ને નિજસ્વરૂપની શ્રદ્ધાને નિશ્ચયશ્રદ્ધા કહે છે. આવી શ્રદ્ધા કરવાથી ને આનંદકંદમાં કેલિ કરવાથી સુખી થવાય છે, બીજી કોઈ રીત નથી.

હવે તેના પ્રકાર પાડે છે—“જ્ઞાનનો આનંદ જાણ્યો તે જ્ઞાન-આનંદ” “ચિદાનંદનું દેખવું, તે દર્શન-આનંદ.” ને “આનંદની પરિણતિ વિશેષ થઈ તે ચારિત્ર-આનંદ.” એ પ્રમાણે અનંત ગુણોના આનંદનું મૂળકારણ અભેદ સ્વભાવ છે. પ્રથમ ગુણભેદથી વાત

**જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.　　　—શ્રી સમયસાર**

સમજાવી હતી, દર્શનાનંદ ને જ્ઞાનાનંદ એમ ભેદ પાડ્યા હતા, પણ અભેદ સ્વભાવમાં પરિણતિ રમાડવી એમ કહે છે.

પ્રથમ રાગસહિત જ્ઞાનદ્વારા આવો નિર્ણય કરીને ભેદજ્ઞાન દ્વારા એકલા નિજસ્વરૂપની શ્રદ્ધા કરે તો તે રાગને વ્યવહાર-નિમિત્ત કહેવાય.

અનંતાગુણોના ધારક, આનંદકંદ એવા નિજ આત્માના આશ્રયે પોતામાં પરિણતિ રમાડવી એ સુખ છે, તેથી સુખસમૂહ થયો છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

પરમ કૃપાળુ ભગવાને સ્વભાવ સમજવાની યોગ્યતાવાળા જીવોને આ રીત બતાવેલ છે. સર્વજ્ઞની વાણીમાં આવો પંથ આવેલ છે. વ્યવહાર આવે તેનું તથા નિમિત્તનું જ્ઞાન હોય છે, પણ અનંતગુણોના પિંડ સ્વરૂપની શ્રદ્ધા અને રમણતા કરવી– એ એક જ સુખનો પંથ છે, એમ ભગવાનની વાણીમાં આવ્યું છે.

પોતે ભગવાન છે, અનંત શક્તિનો પિંડ છે, તેની ભાવનાથી સંતો અને મહંતો થયા છે. મેં પણ આ ભાવનાનો અવગાઢ સ્થંભ રોપ્યો છે, ચિદાનંદ છું એવી પ્રતીતિ કરી છે, માણેકસ્થંભ નાખ્યો છે. સમ્યગ્દૃષ્ટિને આવો નિરંતર અભ્યાસ રહે છે.

પ્રશ્ન :–ભેદજ્ઞાન કરતાં પહેલાં શું કરવું ?

સમાધાન :–ભેદજ્ઞાન કેમ થાય તેનો અભ્યાસ કરવો. સમ્યક્દૃષ્ટિને આવો નિરંતર અભ્યાસ રહે છે; તેના અભ્યાસથી કર્મનો અભાવ થાય છે, બીજી કોઈ રીત નથી. કર્મનો અભાવ થઈ, જ્ઞાન પોતાના આનંદરસમાં મંડિત થઈ શોભે ને સુખનો પુંજ પ્રગટે એટલે કે અર્હંતદશા થાય ત્યારે કૃતકૃત્ય થાય છે.

આ આત્માનું સ્વરૂપ અનાદિથી ગુપ્ત થઈ રહ્યું છે, તે કેવી રીતે પ્રગટ થાય ? પરમાત્મદશા પ્રગટ નથી પણ વર્તમાનમાં અલ્પદશા છે, તેમાં નિર્ણય કરે કે અંતરના અવલંબને પૂર્ણ દશા થશે. એમ પરોક્ષ જ્ઞાન કરી ભાવના વધારે છે. તેની સિદ્ધિ કેમ થાય, એટલે કે કેવળજ્ઞાન કેમ થાય ? કેવળજ્ઞાન વર્તમાનમાં નથી, પણ સ્વભાવમાંથી પ્રગટ થશે. પૂર્ણ પ્રગટતા થઈ નથી, પણ શ્રદ્ધાએ શક્તિ કબૂલી છે. તેની સિદ્ધિ કેમ થાય તે કહીએ છીએ.

જેમ દીપકને પાંચ પડદા છે. એક પડદો દૂર થતાં થોડો પ્રકાશ થયો, બીજો પડદો દૂર થતાં ચઢતો પ્રકાશ થયો, ત્રીજો જતાં ચઢતો થયો, ચોથો જતાં અધિક ચઢતો થયો, વળી પાંચમો પડદો ગયો ત્યારે નિરાવરણ પ્રકાશ થયો.

**ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,**
**તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.** –શ્રી સમયસાર

આત્મા ચૈતન્યરૂપ દીવો છે, તેનો જ્ઞાનપ્રકાશ છે, જ્ઞાનાવરણરૂપ પાંચ પડદા છે, મતિજ્ઞાનાવરણીય જતાં સ્વરૂપનું મનન કર્યું એટલે મતિજ્ઞાનાવરણીય ઓછું કર્યું, ચિદાનંદ છું એવું મનન કરતાં મતિજ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો, નિમિત્ત આવે તો કાર્ય થાય, રાગ થાય તો ધર્મ થાય—એમ અનાદિકાળથી પર મનન હતું. ઈલેક્ટ્રીક ચાંપ દાબીએ તો પ્રકાશ થાય એમ અજ્ઞાની માને છે, પણ પ્રકાશની લાયકાતથી પ્રકાશ થાય છે ત્યારે ચાંપને નિમિત્ત કહેવાય છે.

અહીં આત્માએ મનન કર્યું તે પોતાની દશા છે, ને મતિજ્ઞાનાવરણીય કર્મ એના કારણે ખસી જાય છે, ક્ષયોપશમરૂપ થાય છે. આત્મા કર્મનું કાંઈ જ કરતો નથી.

અનાદિથી પરથી કાર્ય માનતો, એવું જે પરનું મનન હતું તે સ્વરૂપનું મનન કરતાં મટ્યું, પછી એવી પ્રતીતિ આવી કે જેમ કોઈ પુરુષ ગરીબ છે ને કરજવાન છે, પણ તેની પાસે ચિંતામણિ છે. ત્યારે કોઈએ કહ્યું કે તું મણિના નિમિત્તે ચિંતવન કરીશ તો લાખો રૂપિયાના ઢગલા થશે. અમુકત જણને ચિંતામણિથી અમુક નિધિની પ્રાપ્તિ થઈ હતી માટે તું નિધિને લે. સાક્ષાત્કાર થયે સર્વ ફળ પામશો. પ્રતીતિમાં તો ચિંતામણિ પ્રાપ્ત કર્યા જેવો હર્ષ થયો છે.

એ પ્રમાણે આત્મા ચિંતામણિ સમાન છે, તેની પ્રતીતિ કરવાથી આત્મા પ્રાપ્ત કર્યા જેવો હર્ષ થાય છે ને એકાગ્ર થાય તો પૂર્ણ આનંદ પ્રગટ થાય તેમ છે. ચિદાનંદ આત્માનું મનન કરી પ્રતીતિ થઈ ત્યાં સમ્યગ્જ્ઞાન એકદેશ ઉઘડ્યું ત્યારે કેવળજ્ઞાનનું શુદ્ધત્વ પ્રતીતિ દ્વારા આવ્યું. સમ્યગ્દૃષ્ટિ-મતિજ્ઞાની જીવ અશુદ્ધ અંશને પોતાનો માનતો નથી. અશુદ્ધતા તે ઉપાધિભાવ છે, તે સ્વભાવમાં નથી, માટે ત્રિકાળ સ્વભાવમાં તેની કલ્પના કરતો નથી. પર્યાયમાં અશુદ્ધતા છે તેને જ્ઞાન જાણે છે, પણ શ્રદ્ધામાં શુદ્ધ સ્વરૂપ લીધું છે. સ્વસંવેદન મતિજ્ઞાન દ્વારા થયું છે, રાગ કે નિમિત્ત દ્વારા થયું નથી. જાણવાનો સ્વભાવ મારો છે, બીજો કોઈ સ્વભાવ મારો નથી—આ પ્રમાણે સિદ્ધિ થાય છે. આમ મતિજ્ઞાનમાં વિચારની વાત કરી.

એ પ્રમાણે શ્રુતમાં વિચારે છે કે મેં મનન કર્યું કે મારું સ્વરૂપ જ્ઞાન છે, હું આનંદ છું. એ પ્રમાણે ચારે જ્ઞાન સ્વસંવેદન પરિણતિ વડે તો પ્રત્યક્ષ છે. અવધિ અને મનઃપર્યયજ્ઞાનરૂપી પદાર્થને જાણે છે છતાં તે જ્ઞાન પોતાનું છે, અંશે પ્રત્યક્ષ છે. અવધિ—મનઃપર્યયજ્ઞાનનું વેદન પોતાનું છે, જડનું નથી. (ક્રમશઃ)

**વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,**
**તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.** —**શ્રી સમયસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

જે જીવ જિજ્ઞાસુ થઈ સ્વભાવ સમજવા આવ્યો છે તે સુખ લેવા આવ્યો છે અને દુઃખ ટાળવા આવ્યો છે. સુખ પોતાનો સ્વભાવ છે, અને જે દુઃખ છે તે ક્ષણિક છે તેથી તે ટળી શકે છે. વર્તમાન દુઃખ અવસ્થા ટાળીને સુખરૂપ અવસ્થા પોતે પ્રગટ કરી શકે છે; આટલું તો, જે સત્ સમજવા માટે આવ્યો તેણે સ્વીકારી જ લીધું છે. આત્માએ પોતાના ભાવમાં પુરુષાર્થ કરી વિકારરહિત સ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ. વર્તમાન વિકાર હોવા છતાં વિકારરહિત સ્વભાવની શ્રદ્ધા કરી શકાય છે એટલે કે આ વિકાર અને દુઃખ મારું સ્વરૂપ નથી, એમ નક્કી થઈ શકે છે.

## પાત્ર જીવનું લક્ષણ

જિજ્ઞાસુ જીવોને સ્વરૂપ પ્રગટ કરવા માટે પહેલી જ સત્સમાગમરૂપ જ્ઞાનક્રિયા શાસ્ત્રોએ બતાવી છે. સ્વરૂપનો નિર્ણય કરવા માટે બીજું કાંઈ દાન, પૂજા, ભક્તિ કે વ્રત-તપાદિ કરવાનું કહ્યું નથી, પરંતુ શ્રુતજ્ઞાનથી આત્માનો નિર્ણય કરવાનું કહ્યું છે. કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર તરફનો આદર અને તે તરફનું વલણ તો જિજ્ઞાસુને ખસી જ જવું જોઈએ તથા વિષયાદિ પરવસ્તુમાં સુખબુદ્ધિ ટળી જવી જોઈએ. બધા તરફથી રુચિ ટળીને પોતાની તરફ રુચિ વળવી જોઈએ અને દેવ, ગુરુ, શાસ્ત્રને યથાર્થપણે ઓળખી તે તરફ આદર કરે. આ બધું સ્વભાવના લક્ષે થયેલ હોય તો તે જીવને પાત્રતા થઈ કહેવાય. આટલી પાત્રતા તે હજી સમ્યગ્દર્શનનું મૂળ કારણ નથી, સમ્યગ્દર્શનનું મૂળ કારણ તો ચૈતન્ય સ્વભાવનું લક્ષ કરવું તે છે, પરંતુ પ્રથમ તો કુદેવાદિનો સર્વથા ત્યાગ તથા સત્દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્સમાગમનો પ્રેમ તો પાત્ર જીવોને હોય જ. એવા પાત્ર થયેલા જીવોએ આત્માનું સ્વરૂપ સમજવા શું કરવું તે આ સમયસારજીમાં સ્પષ્ટ બતાવ્યું છે.

## સમ્યગ્દર્શનના ઉપાય માટે સમયસારમાં બતાવેલી ક્રિયા

'પ્રથમ, શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવ આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પરપદાર્થની પ્રસિદ્ધિનાં કારણો જે ઇન્દ્રિયો દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તે બધીને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાનતત્ત્વને આત્મસન્મુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના નયપક્ષોના આલંબનથી થતાં અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવીને

> સુદષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,
> તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી. ૨૨૭. –શ્રી સમયસાર

શ્રુતજ્ઞાનતત્ત્વને પણ આત્મસન્મુખ કરતો અત્યંત વિકલ્પરહિત થઈને, તત્કાળ.... ......પરમાત્મારૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત્ શ્રદ્ધાય છે) અને જણાય છે, તેથી સમયસાર જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે.'' (સમયસાર ગાથા–૧૪૪ ટીકા)

આ વિષય ઉપર સ્પષ્ટીકરણ કરાય છે.

## શ્રુતજ્ઞાન કોને કહેવું? શ્રુતનું લક્ષણ અનેકાન્ત

'પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો'–આમ કહ્યું છે. શ્રુતજ્ઞાન કોને કહેવું? સર્વજ્ઞ ભગવાને કહેલું શ્રુતજ્ઞાન અસ્તિ-નાસ્તિ દ્વારા વસ્તુસ્વરૂપને સિદ્ધ કરે છે, અનેકાન્તસ્વરૂપ વસ્તુ 'સ્વપણે છે અને પરપણે નથી' એમ જે વસ્તુને સ્વતંત્ર સિદ્ધ કરે છે તે શ્રુતજ્ઞાન છે.

## ત્યાગ તે શ્રુતજ્ઞાનનું લક્ષણ નથી

પર વસ્તુને છોડવાનું કહે અથવા પર ઉપરના રાગને ઘટાડવાનું કહે એ કાંઈ ભગવાને કહેલાં શ્રુતજ્ઞાનનું લક્ષણ નથી. એક વસ્તુ પોતાપણે છે અને તે વસ્તુ અનંત પર દ્રવ્યોથી છૂટી છે–આમ અસ્તિ-નાસ્તિરૂપ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ પ્રકાશીને વસ્તુસ્વરૂપને જે બતાવે તે અનેકાંત છે અને તે જ શ્રુતજ્ઞાનનું લક્ષણ છે. વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી એમાં વસ્તુની પરિપૂર્ણતા સિદ્ધ કરી છે.

## શ્રુતજ્ઞાનનું વાસ્તવિક લક્ષણ–અનેકાન્ત

એક વસ્તુમાં 'છે' અને 'નથી' એવી પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓ જુદી જુદી અપેક્ષાથી પ્રકાશીને જે શ્રુતજ્ઞાન વસ્તુનું પરથી ભિન્ન સ્વરૂપ બતાવે છે તે જ શ્રુતજ્ઞાન ભગવાને કહેલ શાસ્ત્ર છે. આ રીતે, આત્મા સર્વ પરદ્રવ્યોથી જુદી વસ્તુ છે એમ પ્રથમ શ્રુતજ્ઞાનથી નક્કી કરવું જોઈએ.

અનંત પરવસ્તુથી આ આત્મા જુદો છે એમ સિદ્ધ થતાં પોતાના દ્રવ્ય-પર્યાયમાં જોવાનું આવ્યું. મારું ત્રિકાળી દ્રવ્ય તે એક સમય પૂરતી અવસ્થારૂપે નથી, એટલે કે વિકાર ક્ષણિક પર્યાયપણે છે, પરંતુ ત્રિકાળી સ્વરૂપપણે વિકાર નથી,—આમ વિકાર રહિત સ્વભાવની સિદ્ધિ પણ અનેકાંત વડે જ થાય છે. ભગવાનના કહેલાં સત્શાસ્ત્રોની મહત્તા અનેકાંતથી જ છે. ભગવાને પરજીવોની દયા પાળવાનું કહ્યું, પરની અહિંસા બતાવી કે કર્મોનું વર્ણન કર્યું–એ કાંઈ ભગવાનને કે ભગવાનના કહેલાં શાસ્ત્રને ઓળખવાનું ખરું લક્ષણ નથી. (ક્રમશઃ) ❊

# હિતકર પ્રેરણા

એક વિચાર આવ્યો હતો કે સરકારી નોકરોને ૫૫-૫૬ વર્ષે નોકરીથી ઉતારી દે છે તો શેઠીયાઓને એવો કોઈ કાયદો નહિ હોય ! કે ૫૫-૫૬ વર્ષે ધંધાથી છૂટા થઈને પોતાના આત્માનું કાંઈક હિત કરે ! અહાહા ! રોટલા ખૂટે એમ ન હોય, પાછળ પૈસાનો પાર ન હોય છતાં નિવૃત્તિ લઈને પોતાના આત્માનું કાંઈ હિત કરતા નથી. તેને મરીને ક્યાં જવું છે ? અરે ! ૬૦-૭૦ વર્ષ સુધી નવરા થતાં નથી તો મરીને ક્યાં જવું છે ? અરે ! મમતાના પરિણામમાં મરીને તિર્યંચમાં બકરી આદિના પેટે અવતાર થશે.

શ્રીમદ્ રાજચંદ્ર તો કહે છે કે મુમુક્ષુઓને આજીવિકા પુરતું મળતું હોય તો વિશેષ પ્રવૃત્તિ ન કરવી; આ તો રોટલા મળતા હોય તોય માથે પોટલા બાંધે ! અરેરે ! જવું છે ક્યાં ? જીવન થોડું ને આ શું કરો છો ભાઈ ! આવો મનુષ્ય ભવ મળ્યો છે ને આવા સત્ સમજવાના ટાણા છે તો ચાર-છ-આઠ કલાક વાંચન-શ્રવણ-મનન સત્સમાગમ કરીને તારા આત્માનું કાંઈક હિત કરીને માનવ ભવ સફળ કર !!

—પૂજ્ય ગુરુદેવશ્રી

## ક્ષ....મા....પ....ના

**આત્મધર્મનું લેખન-સંપાદન પૂજ્ય ગુરુદેવશ્રીની કૃપાદષ્ટિમાં, માત્ર સ્વ-પરના આત્માર્થની પુષ્ટિ થાય એ એક જ ધ્યેયપૂર્વક કરવામાં આવે છે. હૃદયમાં દેવ-ગુરુ-ધર્મની ભક્તિપૂર્વક ને સાધર્મી પ્રેમપૂર્વક તેનું સંકલન કરવામાં આવે છે. તેમ છતાં કોઈ ભૂલચૂક થઈ હોય, કે કોઈની લાગણી મારાથી દુભાઈ હોય, તો અંતરના ભાવપૂર્વક દેવ-ગુરુ-ધર્મ, પ્રત્યક્ષ ઉપકારી સંતો તથા સાધર્મીજનો પ્રત્યે ક્ષમા માંગુ છું.**

**—તંત્રી**

# આવડતના અભિમાનને રસ્તે ચઢીશ નહિ

ભાઈ ! તું ચેતીને રહેજે. મને આવડત છે—એમ આવડતની હૂંફના અભિમાનને રસ્તે ચડીશ નહિ. વિભાવના રસ્તે તો અનાદિનો ચડેલો જ છો. અગિયાર અંગના જ્ઞાનમાં, ધારણામાં તો બધું આવ્યું હતું પણ શાસ્ત્રની ધારણાના જ્ઞાનની અધિકતા કરી પણ આત્માની અધિકતા કરી નહિ. ધારણાજ્ઞાન આદિના અભિમાનથી રોકવા માટે ગુરુ જોઈએ, માથે ટોકનાર ગુરુ જોઈએ. આવડતના અભિમાનથી દુનિયાને રાજી કરે ત્યારે દુનિયા એને મોટો કહે, મોટો માને, એથી એ પોતે પણ પોતાને મોટો માની અભિમાન સેવે, પણ જો માથે ગુરુ હોય તો એ અભિમાન થતાં ટોકીને પાછો વાળે છે. એક તો પોતાની લગામ જોઈએ એટલે કે બહારની આવડત એ મારી ચીજ નથી એમ સમજે—વિચારે ને એનાથી પાછો વળવા પ્રયત્ન કરે અને બીજી ગુરુની લગામ જોઈએ એટલે કે ગુરુ પણ એ આવડત આદિના અભિમાનથી ટોકીને-રોકીને પાછો વાળે. પ્રભુ ! આવડતના અભિમાનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના ભાવથી—બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં આત્માર્થીને લાભ છે. આવડતના કારણે લોકો માન-સન્માન-સત્કાર કરે પણ એ પ્રસંગોથી આત્માર્થીએ દૂર ભાગવા જેવું છે. એ માન-સન્માનના પ્રસંગો નિઃસાર છે. કાંઈ હિતકર નથી. એક આત્મસ્વભાવ જ સારભૂત ને હિતકારી છે. માટે આવડતના અભિમાનથી દૂરભાગી આત્મ સન્મુખ જ વળવા જેવું છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિ સ્વર્ગમાંથી આવે છે ત્યારે માતાના પેટમાં નવ માસ નિર્વિકલ્પ ઉપયોગ આવતો હશે કે કેમ?

ઉત્તર :—એ વાત ખ્યાલમાં છે પણ શાસ્ત્ર આધાર કોઈ આવતો નથી.

પ્રશ્ન :—મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં સમ્યગ્દર્શન થાય છે તો સમ્યગ્દર્શન ક્યારે થાય છે?

ઉત્તર :—મતિજ્ઞાનપૂર્વક સમ્યગ્દર્શન થાય છે તોપણ મતિજ્ઞાન વખતે આનંદનું વેદન નથી. શ્રુતજ્ઞાનમાં આનંદનું વેદન આવે છે એટલે શ્રુતજ્ઞાનમાં સમ્યગ્દર્શનનો આનંદ આવે છે છતાં મતિજ્ઞાનપૂર્વક શ્રુતજ્ઞાનમાં સમ્યગ્દર્શન થાય છે તેમ કહેવાય છે.

પ્રશ્ન :—દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદના વિચારમાં પણ મિથ્યાત્વ છે—તે કઈ રીતે?

ઉત્તર :—ભેદના વિચાર તે કાંઈ મિથ્યાત્વ નથી. એવા ભેદવિચાર તો સમ્યગ્દષ્ટિનેય હોય; પણ તે ભેદવિચારમાં જે રાગરૂપ વિકલ્પ છે તેને લાભનું કારણ માનીને તેમાં એકત્વબુદ્ધિથી જે જીવ અટકે તેને મિથ્યાત્વ જાણવું. એકત્વબુદ્ધિ વગરના ભેદવિકલ્પ તે મિથ્યાત્વ નથી, તે અસ્થિરતાનો રાગ છે.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને શુદ્ધ આત્માનો વિચાર ઉપયોગમાં ચાલે તે જ શુદ્ધ ઉપયોગ છે ને?

ઉત્તર :—ના, શુદ્ધ આત્માનો વિચાર ચાલે એ શુદ્ધ ઉપયોગ નથી, એ તો રાગ મિશ્રિત વિચાર છે. શુદ્ધ આત્મામાં એકાગ્ર થઈ નિર્વિકલ્પ ઉપયોગરૂપ પરિણામ થાય તે શુદ્ધ ઉપયોગ છે. જેમાં જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાના ભેદ છૂટીને એકલો અભેદરૂપ ચૈતન્યગોળો અનુભવમાં આવે છે તે શુદ્ધ ઉપયોગ છે.

પ્રશ્ન :—આત્માની રુચિ હોય ને અહીં સમ્યગ્દર્શન ન થાય તો બીજા ભવમાં થાય?

**સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને**
**છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮.** —**શ્રી સમયસાર**

ઉત્તર :—આત્માની સાચી રુચિ હોય તેને સમ્યગ્દર્શન થાય થાય ને થાય જ. યથાર્થ રુચિ અને લક્ષ હોય અને સમ્યગ્દર્શન ન થાય તેમ ત્રણકાળમાં બને જ નહીં. વીર્યમાં હીણપ ન આવવી જોઈએ. વીર્યમાં ઉત્સાહ ને નિઃશંકતા આવવી જોઈએ. કાર્ય થશે જ—એમ એના નિર્ણયમાં આવવું જોઈએ.

પ્રશ્ન :—પહેલાં અશુભરાગ ટાળે ને શુભરાગ કરે તો પછી શુદ્ધભાવ થાય તેવો ક્રમ તો છે ને?

ઉત્તર :—એ ક્રમ જ નથી. પહેલાં સમ્યગ્દર્શન પ્રગટ કરે છે પછી એકદમ શુભરાગ ટાળી શકતો નથી. તેથી પહેલાં અશુભરાગ ટાળીને શુભરાગ આવે છે, એ સાધકના ક્રમની વાત છે.

પ્રશ્ન :—તો અજ્ઞાનીએ શું કરવું?

ઉત્તર :—અજ્ઞાનીએ પહેલાં વસ્તુસ્વરૂપનું સાચું જ્ઞાન કરીને આત્માનું ભાન કરવું એ સમ્યગ્દર્શન પામવાનો સાચો ઉપાય છે. શુભરાગના ક્રિયાકાંડ કરવા તે સાચો ઉપાય નથી.

પ્રશ્ન :—નયપક્ષથી અતિક્રાન્ત, જ્ઞાનસ્વભાવનો અનુભવ કરીને તેની પ્રતીત તે સમ્યગ્દર્શન છે—એમ સમ્યગ્દર્શનની વિધિ તો આપે સમજાવી, પણ હવે તે વિધિને અમલમાં કેમ મૂકવી?—વિકલ્પમાંથી ગૂલાંટ મારીને નિર્વિકલ્પ કેવી રીતે થવું—તે સમજાવો.

ઉત્તર :—વિધિ યથાર્થ સમજાય તો પરિણતિ ગૂલાંટ માર્યા વગર રહે નહિ. વિકલ્પજાત અને સ્વભાવજાત બંનેને ભિન્ન જાણતાવેંત જ પરિણતિ વિકલ્પમાંથી છૂટી પડીને સ્વભાવ સાથે તન્મય થાય છે. વિધિને સમ્યક્પણે જાણવાનો કાળ ને પરિણતિનો ગૂલાંટ મારવાનો કાળ—બંને એક જ છે. વિધિ જાણે પછી એને શીખવવું ન પડે કે તું આમ કર. જે વિધિ જાણી તે વિધિથી જ્ઞાન અંતરમાં ઢળે છે. સમ્યક્ત્વની વિધિને જાણનારું જ્ઞાન પોતે કાંઈ રાગમાં તન્મય નથી, સ્વભાવમાં તન્મય છે,—એને એવું જ્ઞાન જ સાચી વિધિને જાણે છે. રાગમાં તન્મય રહેલું જ્ઞાન સમ્યક્ત્વની સાચી વિધિને જાણતું નથી. (ક્રમશઃ) ❋

**જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,**
**ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૨૯.** **–શ્રી સમયસાર**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :—ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના અજ્ઞાનીને માટે લઈ શકાય ? અને લઈ શકાય તો કેવી રીતે ?

સમાધાન :—પહેલાં તેને પોતાની યોગ્યતા તૈયાર થાય છે. તે યોગ્યતા કહેવાય તો વ્યવહાર, તેને કાંઈ નિશ્ચય લાગુ ન પડે. છતાં પણ એવી એક જાતની યોગ્યતા તૈયાર થાય છે. જેમ ગુરુદેવ કહે છે ને ? કે પહેલાં દેશનાલબ્ધિ થાય. ગુરુની વાણી સાંભળતાં તેને અંતરમાં એમ થાય કે ગુરુ કાંઈક જુદું જ તત્ત્વ કહે છે. એવી કંઈક અપૂર્વતા ભાસી જાય છે. ભલે તે શુભભાવ છે; પણ તેની સાથે કંઈક ઊંડપ આવી જાય છે. આ વિકલ્પથી પણ કંઈક જુદું તત્ત્વ ગુરુ કહેવા માગે છે એવી તેને અપૂર્વતા ભાસી જાય તો તેને દેશનાલબ્ધિ પ્રથમ થાય અથવા એવી જાતનો કોઈ અવગ્રહ—પક્કડ થઈ જાય કે આ બધાથી જુદું કોઈ આત્મતત્ત્વ છે. એવી જાતની અંતરમાંથી કોઈ ભાવના જાગી જાય છે. તેવી રીતે ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના જાગે છે. આ બધુંય દેખાય છે ને આ બધા વિકલ્પો આવે છે—ભલે ગમે તેવા ઊંચામાં ઊંચા શુભભાવ આવે છે—તો પણ અંદર આત્મા બધાથી જુદો છે તે આત્મા અંદરમાં કંઈક અપૂર્વ વસ્તુ છે—એવી કંઈક અંતરમાંથી ભાવના સ્ફુરે તે ચૈતન્યમાંથી પરિણમેલી ભાવના છે. આવે છે ને ? કે,

''तत्प्रति प्रीतिचित्तेन येन वार्ताऽपि हि श्रुता;
निश्चितं स भवेद्भव्यो भावि निर्वाण भाजनम्।''

ગુરુની વાણી સાંભળીને એમ થાય કે આ કંઈક અપૂર્વ છે. એ તેને ઉપર ઉપરથી ન લાગે, પણ અંતરમાંથી લાગી જાય કે વાણીમાં આમ કહેવા માંગે છે, વિકલ્પોથી પણ જુદું કોઈ તત્ત્વ કહેવા માગે છે. ભલે તે તત્ત્વ પકડાતું નથી; પણ એવું એને, વિકલ્પ છે તો પણ, ભાસ્યમાન થઈ જાય છે. કોઈ વસ્તુની અપેક્ષા વગર, એકલું નિરપેક્ષપણે એવી ભાવના સ્ફુરી જાય છે કે આ બધાથી જુદું કોઈ તત્ત્વ અંદર છે. આ ચૈતન્યમાંથી ઊગેલી ભાવના છે. તેને ગુરુનો ઉપદેશ સાંભળવાનો વિકલ્પ આવે છે, છતાં પણ કોઈ જાતની અપેક્ષા વિના એને એવી ભાવના સ્ફુરે છે કે બધાયથી રહિત એવું ચૈતન્ય તત્ત્વ મને

પ્રગટ થાવ, તો તે પ્રગટ થયા વગર રહે જ નહિ. ભાવના એવી ઉગ્ર હોય તો પ્રગટ થાય જ.

પ્રશ્ન :—જ્ઞેયોને જાણનાર એવો જ્ઞાયક હું છું એમ ખ્યાલમાં આવે છે, તો, શું એ યોગ્ય છે ?

સમાધાન :—બહારમાં જે જ્ઞેયો જણાય છે તે હું નથી તેમ જ અંદરમાં જે વિકલ્પની ઘટમાળ ચાલે છે તે પણ હું નથી. તેનો હું જાણનાર છું—જ્ઞાયક છું. અંદરમાં એક પછી એક જે વિકલ્પ આવે છે તે તો ચાલ્યા જાય છે; પણ તેનો જાણનારો અંદરમાં હું પોતે છું. કેમ કે હું તો શાશ્વત છું, એક ક્ષણ પૂરતો નથી. તથા પરને જાણે તે હું નહિ, હું તો સ્વયં જાણનારો જ્ઞાયક છું. પરને જાણનારો તે હું નહિ, હું જાણનારો સ્વયં જ્ઞાયક છું. આ જે જણાય છે તે હું નથી, હું તો જાણનારો તેનાથી જુદો છું. આમ પહેલાં અભ્યાસ કરે, ત્યાર પછી દૃષ્ટિ થાય. દૃષ્ટિ દ્રવ્ય ઉપર રહેવી જોઈએ. પર્યાય એક પછી એક થાય, પરંતુ પર્યાય ઉપર દૃષ્ટિ ન કરતાં દ્રવ્ય ઉપર દૃષ્ટિ થવી જોઈએ કે હું તો જાણનારો જ્ઞાયક છું.


પ્રશ્ન :—જિજ્ઞાસુ દશામાં આવું થઈ શકે ખરું ?

સમાધાન—'હું જ્ઞાયક છું' એમ તો થઈ શકે છે. પહેલાં વિચારો આવે છે, પછી યથાર્થ થાય છે. કેટલા વખત પછી યથાર્થ થાય તે પોતાની ઉપર છે. ખરું યથાર્થપણું તો જ્યારે તેને ભેદજ્ઞાન થાય ત્યારે જ કહેવાય. તેની પહેલાં જે છે તે તો ભાવના છે, ખરું નથી. જેમ કે જ્યારે પ્રકાશ પ્રગટે ત્યારે જ પ્રકાશ કહેવાય ને જ્યાં સુધી અંધકાર છે ત્યાં સુધી અંધકાર જ કહેવાય. છતાં પોતે પ્રયત્ન કર્યા કરે છે, અભ્યાસ કરે છે તેથી પ્રકાશ પ્રગટ થાય છે. મારું ચૈતન્ય તત્ત્વ મને ક્યારે પ્રગટ થશે એમ તેને રહ્યા કરવું જોઈએ, પણ તેને એમ ન થાય કે ઠીક, જ્યારે થાય ત્યારે ખરું, એમ પ્રમાદ ન કરવો. મારે તો આ કાંઈ નથી જોઈતું, એક આત્મા જ જોઈએ છે એવી ભાવનાને તીવ્ર કરજે, ઉગ્ર કરજે. મૂંઝાઈશ નહિ, આકુળતા કરીશ નહિ. તે એવી આકુળતા ન કરે કે જેથી મૂંઝવણ થાય. તું ધીરજ રાખજે, પણ તેમાં પ્રમાદ ન કરીશ કે જ્યારે થવાનું હશે ત્યારે થશે. તું પુરુષાર્થ કરીશ ત્યારે થશે ને જેટલી તારી પુરુષાર્થની મંદતા હશે તેટલી વાર લાગશે. પરંતુ તેમાં આકુળતા ન કરીશ કે કેમ વાર લાગે છે ? સ્વભાવને પ્રાપ્ત કરવાનો જે માર્ગ છે તે મળશે ત્યારે પ્રગટ થશે; પણ તે વિના નહિ પ્રગટે. માટે ધીરજ રાખજે. માર્ગની શોધખોળ કરતાં કરતાં તે પ્રગટ થશે જ.　　　　*

## બાળ વિભાગ

# વજ્રબાહુનો વૈરાગ્ય

ભગવાન ઋષભદેવના ઈક્ષ્વાકુવંશમાં, ઋષભદેવથી માંડીને મુનિસુવ્રત તીર્થંકર સુધીના લાંબાકાળમાં અસંખ્ય રાજાઓ મુનિ થઈને મોક્ષગામી થયા. તેમાં મલ્લિનાથ ભગવાનના મોક્ષગમન પછી અયોધ્યા નગરીમાં વિજય રાજા થયા; તેમના પૌત્ર વજ્રબાહુકુમાર; હસ્તિનાપુરની રાજપુત્રી મનોદયા સાથે તેમનાં લગ્ન થયા. લગ્ન પછી થોડા જ દિવસમાં કન્યાનો ભાઈ ઉદયસુંદર પોતાની બહેનને તેડવા આવ્યો. મનોદયા તેની સાથે જવા લાગી; ત્યારે વજ્રબાહુકુમાર પણ મનોદયા પ્રત્યે તીવ્ર પ્રેમને લીધે તેની સાથે જ સાસરે જવા લાગ્યો.



ઉદયસુંદર, મનોદયા, વજ્રબાહુ વગેરે સૌ આનંદ કરતાં કરતાં અયોધ્યાથી હસ્તિનાપુર તરફ જઈ રહ્યા છે; સાથે તેમના મિત્રો ૨૬ રાજકુમારો તેમજ અનેક રાણીઓ છે. પહાડો અને વનોની રમણીય શોભા જોતાં જોતાં સૌ ચાલ્યા જાય છે. ત્યાં યુવાન રાજકુમાર વજ્રબાહુની નજર એકાએક થંભી ગઈ....

અરે, દૂર આ કાંઈક અદ્ભુત શોભા દેખાય છે તે શેની છે ! એ તે કોઈ ઝાડનું થડ છે ? સોનાનો થાંભલો છે ? કે કોઈ મનુષ્ય છે ? જરા નજીક જઈને જોયું ત્યાં તો કુમાર આશ્ચર્ય પામી ગયા : અહા ! નગ્ન દિગંબર મુનિરાજ ધ્યાનમાં ઊભા છે...મીંચેલી આંખ ને લટકતા હાથ, દુનિયાને ભૂલીને આત્મામાં ઊંડે ઊંડે ઊતરીને કોઈ અદ્ભુત મોક્ષસુખને વેદી રહ્યા છે.....જાણે શાંતરસના દરિયામાં મશગુલ છે ! શરીર તપ વડે દૂબળું છે. તોપણ ચૈતન્યના તેજનો પ્રતાપ સર્વાંગે ઝળકી રહ્યો છે....હરણ અને સર્પ શાંત થઈને તેમની નજીક બેઠા છે, અરે, એમની શાંતમુદ્રા વનનાં પશુઓને પણ એવી વહાલી લાગે છે કે તેઓ પણ શાંત થઈને બેસી ગયાં છે.

મુનિને દેખીને કુમાર વજ્રબાહુ વિચારે છે કે—વાહ રે વાહ ! ધન્ય મુનિનું જીવન ! તેઓ આનંદથી મોક્ષને સાધી રહ્યા છે; હું તો સંસારના કીચડમાં ફસાયો છું, ને વિષયભોગોમાં ડૂબી રહ્યો છું; આ ભોગોથી છૂટીને હું પણ આવી યોગદશા ધારણ કરીશ ત્યારે જ મારો જન્મ કૃતાર્થ થશે. અત્યારે તો, સમ્યક્ આત્મભાન હોવા છતાં, જેમ કોઈ

ચંદનવૃક્ષ ઝેરી સર્પથી લપેટાયેલું હોય તેમ હું વિષયભોગોના પાપોથી ઘેરાઈ રહ્યો છું. જેમ કોઈ મૂર્ખ પહાડના શિખરો ઉપર ચડીને ઊંઘે.... તેમ હું પાંચ ઈન્દ્રિયના ભોગરૂપી પર્વતના ભયંકર શિખર પર સૂતો છું, ધિક્કાર છે....ભવભ્રમણ કરાવનારા આ ભોગોને ! અરે, એક સ્ત્રીમાં આસક્ત થઈને મોક્ષસુંદરીને સાધવામાં હું પ્રમાદી થઈ રહ્યો છું....પણ ક્ષણભંગુર જીવનનો શો ભરોસો ? મારે તો હવે પ્રમાદ છોડીને આવી મુનિદશા ધારણ કરીને મોક્ષસાધનામાં લાગી જવું જોઈએ....

આવા વૈરાગ્યના વિચાર કરતાં કરતાં વજ્રબાહુની નજર તો મુનિરાજ ઉપર થંભી ગઈ છે. મુનિભાવનામાં એવા લીન થઈ ગયા છે કે આસપાસ ઉદયસુંદર અને મનોદયા ઊભાં છે તેનોય ખ્યાલ નથી રહ્યો. બસ ! એકીટસે મુનિ તરફ જોઈ જ રહ્યા છે....ને તેની ભાવના ભાવી રહ્યા છે.

આ દેખીને, તેના સાળા ઉદયસુંદરે હાસ્યપૂર્વક મશ્કરી કરતાં કહ્યું—અરે કુંવરજી ! આમ નિશ્ચલ મુનિ તરફ શું જોઈ રહ્યા છો ?—ક્યાંક તમે પણ એવી મુનિદીક્ષા ધારણ ન કરી લેતા !

વજ્રકુમારને તો 'ભાવતું'તું ને વૈદે બતાવ્યું !' તેણે તરત જ કહ્યું—વાહ ભાઈ વાહ ! તમે બહુ મજાની વાત કરી; મારા મનમાં જે ભાવ હતા તે જ તમે પ્રગટ કર્યા; હવે તમારા ભાવ શું છે—તે પણ કહો !

ઉદયસુંદરે તો તે વાતને મશ્કરી સમજીને કહ્યું : કુંવરજી ! જેવા તમારા ભાવ, તેવા જ મારા ભાવ ! જો તમે મુનિ થતા હો તો હું પણ તમારી સાથે મુનિ થઈ જવા તૈયાર છું ?—જો—જો, તમે ફરી ન જતા !!

(ઉદયસુંદર તો મનમાં હજી એમ જ સમજે છે કે વજ્રકુમારને તો મનોદયા પ્રત્યે તીવ્ર રાગ છે,—એ શું દીક્ષા લેવાનો હતો ! એટલે તેણે હાસ્યમાં ને હાસ્યમાં ઉપર પ્રમાણે બોલી નાખ્યું....અથવા 'શુકનથી શબ્દ આગળા' એ ઉક્તિ—અનુસાર વજ્રકુમારના ઉત્તમ ભવિતવ્યથી પ્રેરાઈને તેને વૈરાગ્ય જગાડનારા શબ્દો નિમિત્તપણે આવી ગયા....)

ઉદયસુંદરની વાત સાંભળતાં જ મુમુક્ષુ વીર વજ્રબાહુકુમારના મુખમાંથી વજ્રવાણી નીકળી : બસ ત્યારે હું તૈયાર છું'.....અત્યારે જ હું આ મુનિરાજની સમીપમાં જઈને મુનિદીક્ષા અંગીકાર કરીશ. આ સંસાર અને ભોગોથી ઉદાસ થઈને મારું ચિત્ત હવે મોક્ષમાં ચોંટ્યું છે.....સંસાર કે સંસાર તરફના ભાવ હવે સ્વપ્નેય મારે જોઈતા નથી....હું તો હવે મુનિ થઈશ ને અહીં વનમાં જ રહીને મોક્ષને સાધીશ.

પર્વત ઉપર વજ્ર પડે તેમ વજ્રબાહુકુમારના શબ્દો સાંભળતાં જ ઉદયસુંદર ઉપર જાણે વજ્ર પડ્યું! તે તો ડઘાઈ જ ગયો!—અરે આ શું થયું!

વજ્રકુમાર તો મક્કમ ચિત્તે હાથી ઉપરથી નીચે ઊતર્યો ને વિવાહના વસ્ત્રાભૂષણ ઊતારીને વૈરાગ્યપૂર્વક મુનિરાજ તરફ જવા લાગ્યો.



મનોદયાએ કહ્યું : અરે સ્વામી! આ શું કરો છો?

ઉદયસુંદરે પણ આંસુભીની આંખે કહ્યું : અરે કુંવરજી! મેં તો હસતાં-હસતાં મશ્કરીમાં કહ્યું હતું; તેમાં તમે આ શું કરી રહ્યા છો? હાસ્ય કરવામાં મારી ભૂલ થઈ હોય તો મને ક્ષમા કરો! તમે દીક્ષા ન લ્યો....

ત્યારે વૈરાગી વજ્રકુમાર મધુર શબ્દોથી કહેવા લાગ્યા : હે ઉદયસુંદર! તમે તો મારા કલ્યાણનું કારણ બન્યા છો. મને જગાડીને તમે તો ઉપકાર જ કર્યો છે માટે દુઃખ છોડો. હું સંસારના કૂવામાં પડતો હતો તેમાંથી તમે તો મને બચાવ્યો. તમે મારા સાચા મિત્ર છો. ને તમે પણ આ જ માર્ગે મારી સાથે ચાલો.

વૈરાગી વજ્રકુમાર બોલી રહ્યાં છે : જીવ જન્મ-મરણ કરતો-કરતો અનાદિથી સંસારમાં ભમી રહ્યો છે, સ્વર્ગના દિવ્ય વિષયોમાં પણ તેને ક્યાંય સુખ મળ્યું નથી, તો બીજા વિષયોની શી વાત! આ સંસાર, શરીર ને ભોગો—બધું ક્ષણભંગુર છે. વીજળીના ઝબકારા જેવું જીવન, તેમાં આત્મહિત ન કર્યું તો આ અવસર ચાલ્યો જશે. વિવેકી પુરુષોએ સ્વપ્ના જેવા આ સંસારસુખોમાં મોહિત થવું યોગ્ય નથી. મિત્ર! તમારી મશ્કરી પણ મને તો કલ્યાણનું જ કારણ થઈ છે. હસતાં—હસતાં પણ ઉત્તમ ઔષધિ પીવાથી શું તે રોગને નથી હરતી? હરે જ છે, તેમ હસતાં-હસતાં પણ તમે મુનિદશાની વાત કરી તો તે મુનિદશા ભવરોગને હરનારી ને આત્મકલ્યાણ કરનારી છે. માટે હું જરૂર મુનિદશા અંગીકાર કરીશ. તમારી જેવી ઈચ્છા હોય તેમ તમે કરો.

ઉદયસુંદર સમજી ગયો કે હવે વજ્રબાહુકુમારને રોકવાનું મુશ્કેલ છે....હવે તે દીક્ષા જ લેશે. છતાં મનોદયાના પ્રેમને લીધે કદાચ તે રોકાય—એમ ધારીને તેણે છેલ્લી દલીલ કરી : હે કુમાર! આ મનોદયા ખાતર પણ તમે રોકાઈ જાઓ. તમારા વગર મારી બહેન અનાથ થઈ જશે. માટે તેના પર કૃપા કરીને આપ રોકાઈ જાઓ—હમણાં દીક્ષા ન લ્યો. (ક્રમશઃ)

# સુરેન્દ્ર-વર્ધમાન-લીંબડી-જોરાવરનગર સંયુક્ત પંચ મુમુક્ષુ મંડળ દ્વારા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના ૧૦૪મા મંગલ જન્મોત્સવની ઉજવણી સાનંદ સંપન્ન

(તા. ૫-૮-૨૦૧૭ શનિવારથી તા. ૯-૮-૨૦૧૭ બુધવાર)

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં સુરેન્દ્ર-વર્ધમાન-લીંબડી-જોરાવરનગર પંચ મુમુક્ષુ મંડળ દ્વારા આયોજિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો ૧૦૪મો મહામંગલકારી જન્મોત્સવ અત્યંત ઉલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. મુમુક્ષુ ભાઈ-બહેનોનો આ ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ એવો અનેરો હતો કે ઉત્સવની શરૂઆતથી જ મુમુક્ષુઓનું સુવર્ણપુરીમાં આગમન શરૂ થઈ ગયું હતું.

મહોત્સવના પ્રથમ દિવસે સુવર્ણપુરી સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક અને 'તું પરમાત્મા છો'ની વાણીથી ગુંજી ઉઠી તથા ધર્મમાતા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી મહોત્સવનો શુભારંભ થયો હતો.

*** ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ***

સવારે ૬-૦૫ થી ૬-૧૫ સુવર્ણપુરીના વિવિધ માર્ગો પર પ્રભાતફેરીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં મુમુક્ષુઓએ ઉલ્લાસથી ભાગ લીધો હતો.

**શ્રી પંચ બાલયતિ મંડલ વિધાન** :—આ પૂજન વિધાન માટે સ્વાધ્યાયમંદિરની આગળના વિભાગમાં તૈયાર કરાવવામાં આવેલ વિશાળ મંડપમાં પાંચ બાલયતિ તીર્થંકર ભગવાનના નિર્વાણસ્થાનની રચના તથા તેમના વૈરાગ્યના કારણના ચિત્રપટો મૂકવામાં આવ્યા હતા. તથા એલ.સી.ડી. સ્ક્રીનમાં પ્રસંગ અનુસાર ચિત્રો પણ દર્શાવવામાં આવતા હતા જે અત્યંત આકર્ષક હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણકારી પ્રવચનો** :—મહોત્સવના પાંચે દિવસ સવારે પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી પંચાસ્તિકાય તથા રાત્રીના પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર નિજાત્મહિતકારી પ્રવચનો થયા હતા.

**ધાર્મિક શિક્ષણવર્ગો** :—ઉત્સવમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રાજેન્દ્રભાઈ કામદાર (રાજકોટ) દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું હતું.

**વિદ્વાનો દ્વારા શાસ્ત્ર વાંચન** :—બપોરે પ્રથમ ૨૦ મિનિટ બ્ર. શ્રી વજુભાઈ (વઢવાણ) દ્વારા સ્વયંભૂ સ્તોત્ર ઉપર સ્વાધ્યાય કરાવવામાં આવતો હતો. જે બધાને અતિ રુચિકર લાગ્યો હતો. ત્યારબાદ વિદ્વાન પ્રવચનકાર દ્વારા ૩.૨૦ થી ૪.૦૦ શાસ્ત્રવાંચન થયું હતું.

**સાંજી ભક્તિ** :—સાંજના ૬.૪૫ થી ૭.૧૫ આયોજકોના વિવિધ મંડળો દ્વારા મંડપમાં સાંજીભક્તિનું આયોજન કરવામાં આવ્યું હતું.

**સાંસ્કૃતિક કાર્યક્રમો** :—આ મહોત્સવના ચારે દિવસ આયોજકોના વિવિધ મંડળો દ્વારા રોચક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું હતું. તથા ત્રીજા દિવસે ક્વીઝનું પણ આયોજન થયું હતું જેમાં મુમુક્ષુઓએ ભાગ લીધો હતો. તથા ઈનામો પણ આપવામાં આવ્યા હતા.

## ✻ ભવ્ય રથયાત્રા ✻

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની રથયાત્રાનું આયોજન થયું હતું. શ્રીજીના મંગળ રથ સાથે વિવિધ બગીઓ અને પારણાઝુલનના ફ્લોટ સાથેની આ રથયાત્રામાં આબાલ-વૃદ્ધ ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં. આ રથયાત્રામાં શ્રીજીને રથમાં બિરાજમાન કરવાનો લાભ શ્રી બાબુલાલ નાનજીભાઈ શાહ પરિવાર, ઘાટકોપર હસ્તે અનિલભાઈ, જિનેન્દ્રભાઈ, મેહુલભાઈને તથા સારથી બનવાનો લાભ શ્રી વાસંતીબેન ગુણવંતરાય ભાયાણી પરિવાર, સોનગઢને મળ્યો હતો. તથા પૂજ્ય માતાજીના પારણાઝૂલનના ફ્લોટનો લાભ શ્રી શશીકાંતભાઈ શેઠ પરિવાર હસ્તે વંદનાબેન કોલકાતાને મળ્યો હતો.

## ✻ જન્મ મહોત્સવ શ્રાવણ વદી–૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ ✻

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રીનાં મહામંગળકારી જન્મ દિવસે વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુદર્શન તથા પૂજ્ય બહેનશ્રીની ચર્ચા રાખવામાં આવી હતી. પૂજ્ય બહેનશ્રી સ્ટેજ ઉપર સ્વયં પધારતા હોય તેવું રોચક દૃશ્ય આયોજકો દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી પંચબાલયતિ વિધાનનું સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું કલ્યાણકારી સીડી પ્રવચન, તથા પૂજ્ય બહેનશ્રીના વધામણાનો કાર્યક્રમ યોજાયો હતો.

ઉત્સવના દરેક કાર્યક્રમોમાં મુમુક્ષુભાઈ-બહેનો અત્યંત ઉલ્લાસથી ભાગ લેતા હતા. દરેક કાર્યક્રમોમાં મંદિર તેમજ મંડપ મુમુક્ષુઓથી પૂરાં ભરાઈ જતાં હતાં.

પ્રસ્તુત પૂજ્ય બહેનશ્રી જન્મોત્સવના પાંચે દિવસ મહેમાનો તથા સ્થાનિક મુમુક્ષુમંડળ માટે ભોજન (સ્વામિવાત્સલ્ય) આયોજક શ્રી સુરેન્દ્ર-વર્ધમાન-લીંબડી-જોરાવરનગર પંચ મુમુક્ષુ મંડળ તરફથી તથા કાયમી જમણ ૨૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

મહોત્સવ ઉજવવાનો આયોજક શ્રી સુરેન્દ્ર-વર્ધમાન-લીંબડી-જોરાવરનગર પંચ મુમુક્ષુ મંડળ નો ઉત્સાહ ખૂબ જ પ્રશંસાપાત્ર હતો. આયોજકો દ્વારા મુમુક્ષુઓ માટે આવાસ તથા ભોજનની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મહોત્સવનો સમગ્ર ખર્ચ આયોજક તરફથી આપવામાં આવ્યો હતો.

---

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો નહિ પણ અડે પણ નહિ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. આત્મા માત્ર જ્ઞાયક પરમાનંદ સ્વરૂપ છે. આ ભગવાન સર્વજ્ઞદેવનો દિવ્યધ્વનિનો પોકાર છે. આવી અધ્યાત્મની સૂક્ષ્મ વસ્તુ આ કાળે જેને અંદરમાં રુચિ ને પરિણમી જાય છે એવા જીવોને એક-બે-ત્રણ-ચાર ભવ જ હોય, વધુ હોય નહિ—એમ શાસ્ત્રમાં આવે છે, કેમકે આ કાળે કેવળી નથી, અવધિજ્ઞાની કે મનઃપર્યયજ્ઞાની નથી. આશ્ચર્યના કારણો ઈન્દ્ર આદિ દેવોનું આવવું થતું નથી. ચક્રવર્તી આદિ ચમત્કારિક કોઈ ચીજ નથી, છતાં આ અધ્યાત્મનું સૂક્ષ્મ તત્ત્વ અંદરમાં રુચિ જાય છે એના ભાવ વિશેષ છે એથી એને ભવ વધુ હોય નહિ. —પૂજ્ય ગુરુદેવશ્રી

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાત : ૫-૪૫ થી ૬-૦૫ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર ઉપર સોળમીવારનું પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : ધાર્મિક શિક્ષણવર્ગ (ગુરુદેવશ્રીનાં વચનામૃત) |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : સમાધિતંત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### ❋ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજ્યાદશમી ❋

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૩૦-૦૯-૨૦૧૭ શનિવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

---

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા**
**શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત**

### સુવર્ણપુરીમાં સત્તરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન

પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાધનાભૂમિ સુવર્ણપુરીમાં તા. ૨૫-૧૨-૧૭, સોમવારથી તા. ૩૦-૧૨-૧૭, શનિવાર સુધી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા આયોજિત શ્રીમતી શકુંતલાબેન પવનકુમાર જૈન, શ્રીમતી હાસ્યલતાબેન બિપીનભાઈ શાહ તથા શ્રીંમતી મીનાબેન અકલંકભાઈ કોઠારીના સૌજન્યથી સત્તરમી 'બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર'નું આયોજન કરવામાં આવ્યું છે. તો દરેક મુમુક્ષુઓને નમ્ર વિનંતી કે તેઓ પોતાના બાળકો સાથે આ શિબિરનો લાભ લેવા માટે અવશ્ય પધારે. તથા દરેક મંડળોના કાર્યકર્તાઓને વિનંતી કે આ શિબિરનો લાભ લેવા માટે બાળકોને ઉત્સાહિત/પ્રેરણા કરી અધિક સંખ્યામાં પધારે. આ શિબિર પ્રસંગે યાત્રાનો કાર્યક્રમ રહેશે જેની તારીખ તથા શિબિરનો વિગતવાર પરિપત્ર ટૂક સમયમાં જાહેર કરવામાં આવશે.

શ્રી હસમુખભાઈ વોરા
પ્રમુખ

શ્રી જિતેન્દ્રભાઈ શાહ
સેક્રેટરી

## (૪૯)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

આપેલ વિકલ્પમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા ભરો.

(૧) જે શ્રાવક–મુનિ ધાર્મિક ક્રિયાઓ તથા નિયમોનું પ્રતિદિવસ પાલન કરે છે તેને ................ કહે છે. (આવશ્યક, પ્રતિમા, ગુણવ્રત)

(૨) જેને પુણ્યનો ઉત્કૃષ્ટ ઉદય છે છતાં જરાપણ મોહ નથી તે .............. પરમેષ્ઠિ છે. (સિદ્ધ, સાધુ, અરિહંત)

(૩) જીવ અરૂપી છે તે .............. થી કથન છે (અસ્તિ, નાસ્તિ, અસ્તિ-નાસ્તિ)

(૪) દશમા ગુણસ્થાનમાં ............ ધ્યાન હોય છે. (પિત, પદ્મ, શુક્લ)

(૫) અતત્ત્વ શ્રદ્ધાન એ ........... છે. (મોહ, મિથ્યાત્વ, કષાય)

(૬) રાવણના નાનાભાઈ કુંભકર્ણ ............. થી મોક્ષ ગયા છે. (ગજપંથા, શેત્રુંજય, બડવાની)

(૭) પાંચ મેરુ પર્વત પૈકી .......... મેરુ પર્વત જમ્બૂદ્વીપમાં છે. (અચલ, સુદર્શન, વિજય)

(૮) દર્શનાચાર, જ્ઞાનાચાર આદિ કુલ ......... આચાર છે. (છ, આઠ, પાંચ)

(૯) ચાર સંજ્ઞા પૈકી સાતમા ગુણસ્થાને ............. સંજ્ઞા હોય છે. (એક, ત્રણ, બે)

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રી ઉપદેશમાં મુખ્યપણે ........... ઉપર ભાર મૂકતા હતા. (ક્રિયા, દેવદર્શન, સમજણ)

(૧૧) વેલણથી રોટલી વણાય એમ માનનાર .......... અભાવને ભૂલે છે. (અન્યોન્ય, પ્રાગ, અત્યંત)

(૧૨) સ્વરૂપની અરુચિ એ અનંતાનુબંધી .......... છે. (માયા, માન, ક્રોધ)

(૧૩) રસ પરિષહોને શાંતભાવથી સહન કરવા એ ............ તપ છે. (કાયક્લેશ, વિનય, વૃત્તિ પરિસંખ્યાન)

(૧૪) “રુચિમાં ખરેખર પોતાને જરૂરિયાત લાગે તો વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે જ નહિ” આ વાત પૂજ્ય બહેનશ્રીના વચનામૃત બોલ નંબર .............માં કરી છે. (૪૦, ૪૪, ૬૮)

(૧૫) લીલી કેરીમાંથી પીળી થઈ તેમાં વર્ણગુણ કાયમ ટકી રહ્યો માટે તે ............ છે.
(ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય)

(૧૬) દર્શનમોહની સાત પ્રકૃતિનો પૂર્ણપણે ક્ષય થઈ જે સમ્યક્ત્વ થાય તેને .............. સમ્યક્ત્વ કહે છે. (ક્ષાયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક)

(૧૭) અઘાતિ કર્મોની ઉત્તર પ્રકૃતિ ............ છે. (૪૭, ૧૦૮, ૧૦૧)

(૧૮) સમવસરણના નવમાં કોઠામાં ............... દેવ હોય છે.
(જ્યોતિષી, ભવનવાસી, વ્યંતર)

(૧૯) તત્ત્વાર્થસાર શાસ્ત્રની રચના ................. આચાર્યદેવે કરી છે.
(કુંદકુંદ, અમૃતચંદ્ર, શિવકોટિ)

(૨૦) વિદેહક્ષેત્રની ............. કર્મભૂમિ છે. (૧૭૦, ૯૦, ૧૬૦)

## બાળકો માટેના આપેલ પ્રશ્ન
## ઓગસ્ટ–૨૦૧૭ના ઉત્તર

(૧) સિદ્ધાલય સ્વરૂપ
(૨) સિદ્ધ સમજે
(૩) શુભભાવ
(૪) સમ્યક્દર્શન સમ્યક્જ્ઞાન સમ્યક્ચારિત્ર
(૫) અજ્ઞાની મુનિ
(૬) મિથ્યાત્વ
(૭) પથ્થરની નૌકા પોતે
(૮) સાચા કલ્યાણ
(૯) પરમેષ્ઠી
(૧૦) મિથ્યાત્વ
(૧૧) વીતરાગ
(૧૨) રાગ વીતરાગ
(૧૩) મિથ્યાદૃષ્ટિ
(૧૪) —
(૧૫) વીતરાગ
(૧૬) ગૃહીત મિથ્યાત્વ
(૧૭) નિર્ગ્રંથ મુનિ નરક
(૧૮) મહાવીર દર્શનશુદ્ધિ
(૧૯) સર્વજ્ઞ વીતરાગ
(૨૦) સર્વજ્ઞ વીતરાગ

સહર્ષ જણાવવાનું કે સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં સીડી પ્રવચનો સવારે, બપોરે, રાત્રે ત્રણ ટાઈમ રાખવામાં આવે છે, તે પ્રવચનો www.kanjiswami.org સંસ્થાના વેબસાઈટ ઉપર Live શરૂ કરેલ છે. સર્વે મુમુક્ષુઓ Live પ્રવચનોનો લાભ લેશો.

સમય : સવારે ૮.૩૦ થી ૯.૩૦, બપોરે ૩.૧૫ થી ૪.૧૫ રાત્રે ૮.૦૦ થી ૯.૦૦

Inquiry : Ashishbhai
Mo : 09276867578

અધ્યક્ષ
શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ

## (૪૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર છઢાળાની બીજી ઢાળમાંથી મળશે.)

(૧) જિન પ્રતિમા ................ ભાખી આગમમાંય.

(૨) ............... આખા જગતને જાણે પણ કરે કોઈનું કાંઈ નહિ.

(૩) સર્વજ્ઞદેવે કહેલી વસ્તુ ................. રૂપ છે.

(૪) ............ અને ............... ની ભિન્નતાનું જ્ઞાન તે સાચું જ્ઞાન છે.

(૫) ................ નો અનુભવ કરે ત્યારે જ્ઞાન ચેતના જાગે.

(૬) જૈન શાસ્ત્રોનો સાર .................

(૭) પરમ ............ ભાવ આદરવા યોગ્ય છે.

(૮) શુદ્ધ .............. થી જ મોક્ષ મળે.

(૯) ચારિત્રવંત મુનિરાજ ................. પ્રભુના પાડોશી છે.

(૧૦) ............... નું હિત કરવાનો આ અવસર છે.

(૧૧) ................. ને પ્રગટ કરે તો પૂર્ણ સુખ પ્રગટ થાય.

(૧૨) હે જીવ ! હવે તું ............ હિતના પંથમાં લાગ.

(૧૩) નિગોદનો જીવ એક ઉચ્છવાસમાં ............... ભવ કરે છે.

(૧૪) આત્મામાં ચારિત્રદશા થયા વિના ............. ન થાય.

(૧૫) પરદ્રવ્યમાં ઈષ્ટ-અનિષ્ટપણું પામવું તે ............... છે.

(૧૬) કર્મનું ખરવું તે .............. છે.

(૧૭) સ્વર્ગનું સુખ અને મોક્ષનું સુખ ............... નથી.

(૧૮) ............, ............, ......... તે જીવના હિતનો પંથ નથી.

(૧૯) જીવને દુઃખનું કારણ મિથ્યા ..........., ..........., .......... છે.

(૨૦) જેમાં ............ ન હોય તેને સુખ કહેવાય.

## વૈરાગ્ય સમાચાર :–

કાનાતળાવ નિવાસી (હાલ-નવી મુંબઈ-નેરૂલ) શ્રી બાબુભાઈ નાગજીભાઈ પેથાણી (ઉ.વ. ૭૦) તા. ૧૪-૪-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

લાઠી નિવાસી (હાલ ભાવનગર) શ્રી મહેન્દ્રભાઈ ત્રંબકલાલ ભાયાણી (ઉ.વ. ૭૦) તા. ૧૭-૦૪-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

પાલી મુંબઈ નિવાસી શ્રીમતી ડૉ. લીનાબેન મોદી (હસુબેન) (ઉ. વ. ૯૭) તા. ૨૦-૩-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

જબલપુર નિવાસી સુનીતા (કમલા જૈન) સુરેશચંદ્ર જૈન તા. ૨૦-૪-૨૦૧૭ના રોજ દેહપરિવર્તન કરેલ છે.

સાગર નિવાસી પંડિત શ્રી ભાયજી કપૂરચંદજી સમૈયા (ઉ.વ. ૯૨) તા. ૨૩-૫-૨૦૧૭ના રોજ શાંત પરિણામપૂર્વક દેહપરિવર્તન થયેલ છે.

ખાર નિવાસી શ્રી બાબુલાલ માણેકલાલ શાહ (ઉ.વ. ૯૭) તા. ૨૦-૬-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તવન કરેલ છે. તેઓ ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી રહેતા હતા.

રાજકોટ નિવાસી શ્રી ધનરાજભાઈ ત્રિભોવનદાસ વારીયા (–તે શ્રી ત્રિભોવનદાસ વીરજીભાઈ વારીયાના સુપુત્ર) (ઉ.વ. ૭૦) તા. ૨૧-૬-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂ. ભગવતી માતાના પરમ ભક્ત હતા.

નૈરોબી નિવાસી કસ્તુરબેન મેઘજી નાથુ માલદે (ઉ.વ. ૮૯) તા. ૮-૭-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

મુંબઈ નિવાસી શ્રી આનંદ જનકભાઈ ટોળીયા (–તે સ્વ. શાંતાબેન ગુલાબચંદભાઈ ટોળીયાના પૌત્ર) (ઉ. વ. ૪૨) તા. ૯-૭-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

રાજકોટ નિવાસી શ્રી વિનોદરાય કાનજીભાઈ કામદાર (–તેઓ શ્રી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ કામદારના પિતાશ્રી) (ઉ.વ. ૯૩) તા. ૧૧-૭-૨૦૧૭ના રોજ ધર્મ આરાધનાપૂર્વક શાંત પરિણામે દેહપરિવર્તન કરેલ છે. તેઓ ઘણા વર્ષોથી નિવૃત્તિમય જીવન ગાળતા હતા. અવાર નવાર સોનગઢ આવી પૂજ્ય ગુરુદેવશ્રી તથા બહેનશ્રીની ભવનાશક વાણીનો લાભ લેતા હતા.

ચુડા નિવાસી (હાલ બોરીવલી) સ્વ. નટવરલાલ જયચંદભાઈ ગોસલીયાના સુપુત્ર શ્રી રાજેશ નટવરલાલ ગોસલીયા (–જેઓ શ્રી સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી નવીનભાઈના સાળા) (ઉ.વ. ૬૪) તા. ૨૪-૭-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓનું આખું કુટુંબ સોનગઢ પ્રત્યે પૂર્ણ સમર્પિત છે તથા તેઓ અવાર નવાર સોનગઢ આવીને લાભ લેતા હતા. તેઓ બોરીવલી મંદિરના સક્રિય કાર્યકર્તા હતા.

થાનગઢ નિવાસી (હાલ વડોદરા) શ્રી અભય જયકરણભાઈ દોશી (ઉ.વ. ૪૭) તા. ૩-૮-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

લાઠી નિવાસી (હાલ કાંદીવલી, મુંબઈ) શ્રી મીરાબેન ગિરિશભાઈ ભાયાણી (–તેઓ શ્રી છોટાલાલ કેશવજી ભાયાણીના પુત્રવધૂ) (ઉ.વ. ૬૦) તા. ૧૨-૮-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન પામેલ છે. તેઓ સોનગઢ વારંવાર આવીને લાભ લેતા હતા તથા મલાડના મંદિરના દરેક કાર્યક્રમમાં હાજરી આપતા હતા.

ખંડવા નિવાસી (હાલ સોનગઢ) શ્રી રાજમાલા પ્રકાશચંદ્ર પંચરત્ન(જૈન) (–તે બ્ર. આશાબેન સોનગઢના ભાભી) (ઉ.વ. ૮૩) તા. ૧૫-૮-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓ છેલ્લા ઘણા સમયથી સોનગઢ સ્થાયી રહી લાભ લેતા હતા.

ઉદયપુર નિવાસી શ્રી સજ્જનલાલજી બંડી (–તે શ્રી પવનભાઈ જૈન, સોનગઢના મોટાભાઈ) (ઉ. વ. ૭૭) તા. ૧૫-૮-૨૦૧૭ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પર્યાયદષ્ટિવાળો જીવ દયા-દાન, પૂજા-ભક્તિ, યાત્રા, પ્રભાવના આદિ અનેક પ્રકારના શુભભાવોનો કર્તા થઈ, બીજા કરતાં પોતે કાંઈક અધિક છે એવો અહંકાર કરતો થકો મિથ્યાત્વભાવને દઢ કરે છે અને નિશ્ચયસ્વરૂપ મોક્ષમાર્ગને લેશમાત્ર પણ જાણતો નથી. ૨૫૧.

● પ્રશ્ન—તત્ત્વનું શ્રવણ-મનન કરવા છતાં સમ્યગ્દર્શન કેમ થતું નથી ?

ઉત્તર—ખરેખર અંતરથી રાગના દુઃખનો થાક લાગ્યો નથી એટલે તેને વિસામાનું સ્થાન–શાંતિનું સ્થાન હાથમાં આવતું નથી. ખરેખર અંદરથી દુઃખનો થાક લાગે છે તેને અંદરમાં જતા વિસામાનું સ્થાન હાથ આવે છે. સત્યના શોધવાવાળાને સત્ય મળે નહીં એમ બનતું નથી. ૨૫૨.

● ભગવાને ઉપદેશ આપ્યો પણ શાસનનું શું થયું કે કોને લાભ થયો તે જોવા ભગવાન રોકાતા નથી. તેમ સમ્યગ્દષ્ટિને પણ વિકલ્પ ઊઠ્યો ને વાણી નીકળી પણ કોને લાભ થયો. કેટલો લાભ થયો તે જોતા નથી. પોતાના આત્મામાં જોવે છે. ૨૫૩.

● આ આત્મા સ્પર્શ રસ આદિ વિનાનો ને પુદ્‌ગલ તથા બીજા ચાર અજીવ છે, તેનાથી ભિન્ન છે, તેને ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે રાગ અને વિકલ્પથી પણ ભિન્ન પાડવાનું સાધન તો ચેતનાગુણમયપણું છે. જાણનશક્તિ ચેતનાગુણમય શક્તિ તે આત્માને બીજા દ્રવ્યથી ભિન્ન પાડવાનું સાધન છે. ૨૫૪.

● ભગવાન આત્મા જ્ઞાયક સ્વરૂપે બિરાજમાન છે તેને અતીન્દ્રિયજ્ઞાનથી જાણવું થાય પણ તેને ઈન્દ્રિયો વડે જાણવાનું થતું નથી. ઈન્દ્રિયો વડે જાણવાનું કાર્ય તેને થતું નથી. તેને એટલે કે જ્ઞાયક આત્માને લિંગો વડે એટલે કે પાંચ–ઈન્દ્રિયો વડે જાણવું થતું નથી. ઈન્દ્રિય વડે જાણવાનું કામ કરે તે આત્મા નથી, ઈન્દ્રિય અણાત્મા છે, તેથી તે વડે જાણવાનું કાર્ય કરે તે જ્ઞાન જ અણાત્મા છે, શાસ્ત્ર સાંભળે ને તે વડે જે જ્ઞાન થાય તે આત્મા કહેતાં નથી. શાસ્ત્ર સાંભળતાં ખ્યાલમાં આવે કે આમ કહે છે—એમ જે જાણવું થયું તે ઈન્દ્રિય વડે થયું હોવાથી તેને આત્મા કહેતાં નથી. ૨૫૫

● ઈન્દ્રિયજ્ઞાનના જેને રસ ચઢ્યા છે તેને અતીન્દ્રિયજ્ઞાન થતું નથી. ૨૫૬.

આત્મધર્મ
સપ્ટેમ્બર-૨૦૧૭
અંક-૧ ● વર્ષ-૧૨

Posted at Songadh PO
Publish on 1-9-2017
Posted on 1-9-2017

Registered Regn. No. BVR-367/2015-2017
Renewed upto 31-12-2017
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org